Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

વર્ષ ૧૦ : અંક ૨-૩ ] તંત્રી-ચીમનલાલ ગોકળદાસ શાહ [ ક્રમાંક ૧૧૦-૧૧૧

## વિ ષ ય - દ ર્શ ન


૧ 'લૂણિગ વસહી'ના વિત્રાપકો : પૂ ઉ. મ. શ્રી. સિદ્ધિમુનિજી : ૧૭

૨ 'विदग्धमुखमंडन' के कर्ता धर्मदास जैन थे? : श्रीअगरचंदजी नाहटा : २८

૩ શ્રીષેણ કેવલી : N. : ૨૯

४ स्नात्रपूजाकी अन्य दो सचित्र प्रतियें : श्री अगरचंदजी नाहटा : ३२

૫ જૈની અહિંસા : પૂ. મુ. મ. શ્રી. ભદ્રંકરવિજયજી : ૩૩

૬ સર્વજ્ઞવાદ અને તેનું સાહિત્ય : પ્રો. હીરાલાલ ર. કાપડિયા : ૩૬

७ पूजनमें भी दया : पू. मु. म. श्री. विक्रमविजयजी : ३८

સમાચાર ટાઈટલ પાનું ૨

નવી મદદ " " ૩


લવાજમ-વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક-ત્રણ આના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ મા ચા ર

**દીક્ષા** [૧-૩] અમદાવાદમાં માગસર શુદિ ૬ ના રોજ પૂ. આ. મ. શ્રી વિજય- પ્રેમસૂરીશ્વરજી તથા પૂ. આ. મ. શ્રી. વિજયરામચંદ્રસૂરિજી મહારાજે અમદાવાદનિવાસ શ્રી લાલભાઇ ચંદુલાલ, સીનોરનિવાસી શ્રી. ધર્મચંદભાઈ અને કરાડનિવાસી શિવજીભાઇ- વેલજીભાઈ-એ ત્રણ ભાઇઓને દીક્ષા આપી. અને દીક્ષિતોના નામ અનુક્રમે પૂ. મુ શ્રી. અચ્યુતવિજયજી. પૂ. મુ. શ્રી ધનવિજયજી અને પૂ. મુ. શ્રી. શાતિવિજયજી રાખી તેમને અનુક્રમે પૂ. આ. મ. શ્રી. વિજયરામચંદ્રસૂરિજી, પૂ. આ. મ. શ્રી. વિજયપ્રેમસૂરીશ્વરજી તથા પૂ. મુ. મ. શ્રી. મુક્તિવિજયજીના શિષ્ય બનાવવામાં આવ્યા. [૪] પાલેજમાં પૂ. આ. મ. શ્રી. વિજયસૌભાગ્યસૂરિજી મહારાજે પીપરીયાના રહીશ શ્રી અમૃતલાલ છગન- લાલને કાર્તિક વદિ ૭ ના રોજ દીક્ષા આપી. દીક્ષિતનું નામ પૂ. મુ. શ્રી આણંદવિજયજી રાખવામાં આવ્યું. [૫-૬] મુંબઈમાં પૂ. મુ. મ. શ્રી. કૈવલ્યવિજયજી મહારાજે માગસર શુદિ ૧૦ ના દિવસે શ્રી છોટાલાલજી લલવાણી તથા શ્રા સુરતીમલજીને દીક્ષા આપી. દીક્ષિતોનાં નામ અનુકૂળે પૂ. મુ. શ્રી. કૈલાસપ્રભવિજયજી તથા પૂ. મુ. શ્રી સુધાંશુવિજયજી રાખી તેમને અનુક્રમે પૂ. મુ. મ. શ્રી. ભદ્રંકરવિજયજી તથા પૂ મુ. મ. શ્રી. મુક્તિવિજયજીના શિષ્ય બનાવવામાં આવ્યા. [૭] ધીણોજમાં પૂ. મુ. મ. શ્રી. જસવિજયજી મહારાજે માગસર સુદિ ૬ ના રોજ શ્રી છોટાલાલ જુમખરામને દીક્ષા આપી. દીક્ષિતનું નામ પૂ. મુ. શ્રી. મતિધનવિજયજી રાખી તેમને પૂ. આ. મ. શ્રી. વિજયપ્રેમસુરીશ્વરજી મહારાજ- ના શિષ્ય બનાવવામાં આવ્યા. [૮-૯] રાધનપુરમાં પૂ. આ. મ. શ્રી વિજયજંબૂસૂરિજી મહારાજે માગસર સુદિ ૧૦ ના દિવસે ડભોઈનિવાસી શ્રી. હીરાલાલ મોતીલાલ તથા રાધપુરનિવાસી શ્રી. ચંપકલાલ વાડીલાલને દીક્ષા આપી દીક્ષિતોનાં નામ અનુક્રમે પૂ. મુ. શ્રી. પ્રિયંકરવિજયજી તથા પૂ. મુ શ્રી. દેવભદ્રવિજયજી રાખી તેમને પૂ, આ. મ. શ્રી. વિજયજંબૂસૂરિજી મહારાજના શિષ્ય બનાવવામાં આવ્યા. [૧૦] સૂરતમાં પૂ. આ. મ. શ્રી. વિજયકલ્યાણસૂરિજી મહારાજે કાર્તિક વદિ ૬ ના રોજ શ્રી. મગનલાલ મણીલાલને દીક્ષા આપી. દીક્ષિતનું નામ પૂ. મુ શ્રી મહોદયવિજયજી રાખીને તેમને પૂ. મુ. મ. શ્રી જસવિજયજીના શિષ્ય બનાવ્યા [૧૧] અમદાવાદમાં શાંતિનગર સોસાયટીમાં પૂ. મુ. મ. શ્રી. ચરણવિજયજીએ એક ભાઈને દીક્ષા આપી. દીક્ષિતનું નામ પૂ. મુ. શ્રી ચંદ્રવિજયજી રાખી તેમને પોતાના શિષ્ય બનાવ્યા.

**કાળધર્મ** [૧] બીકાનેરમાં ગઈ આસો વદિ ૦)) ના રોજ સવારના દક્ષિણવિહારી પૂ. મુ. મ. શ્રી. અમરવિજયજીના શિષ્ય પૂ. મુ. મ. શ્રી. ચતુરવિજયજી મહારાજ કાળધર્મ પામ્યા. [૨] રાધનપુરમાં કાર્તિક વદી ૯ ના રોજ સાગરના ઉપાશ્રયમાં પૂ. મુ. મ. શ્રી. જંબૂવિજયજી મહારાજ કાળધર્મ પામ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

| | | |
|---|---|---|
| वर्ष १० | વિક્રમ સં. ૨૦૦૧ : વીરનિ. સં. ૨૪૭૧ : ઈ. સ. ૧૯૪૪ | क्रमांक |
| अंक २-३ | કાર્તક-માગસર વદિ ૦)) : શુક્રવાર : નવેંબર-ડીસેંબર ૧૫ | ११०-१११ |

# 'લૂણિગ વસહી'ના વિધાપકો

રચયિતા-પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી સિદ્ધિમુનિજી

મહામંત્રી વસ્તુપાલ-તેજપાલના કીર્તિદેહને પ્રગટ કરતું આ લઘુ કાવ્ય અગદ્ય--અપદ્ય શૈલીમાં રચાયેલું છે. આ પ્રકારની અગદ્યાપદ્ય શૈલીની કૃતિઓ બહુ જ ઓછી જોવામાં આવે છે. કવિતાની પંક્તિઓમાંનાં વિરામચિહ્નોને ધ્યાનમાં રાખીને કવિતા વાંચવાથી એની સરસતા અને રોચકતા અનુભવી શકાય છે. —તંત્રી

ગુર્જરાત્રના ગરવા ગગનાંગણમાંથી
સમયના અસ્તાચલ પર સરીને
અસ્ત થઈ ગયા
સૂર્ય શા એ ચૌલુક્ય સમ્રાટોઃ-
એક, મહાપ્રતાપી ને ઉદારાત્મા
શ્રી સિદ્ધરાજ મહાશય,
જેણે સૌહાર્દથી સન્માન્યા
જગતના સર્વશ્રેષ્ઠ જ્યોતિર્ધર
કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રને
અને સર્જાવી સિદ્ધહૈમાદિ
અપૂર્વ સાહિત્ય સૃષ્ટિને;
અન્ય, મહાપરાક્રમી ને સુકૃતજ્ઞ
પરમાર્હત શ્રી કુમારપાલ,
પરનારી—સહોદર જેણે
લૂછ્યાં રડતી રમણીઓનાં અશ્રુ
કરુણાના કોમલ હસ્તથી
અને રેળવ્યા કલ્યાણના આશીર્વાદો
નિર્વીરસ્વી શ્રીના એ મહાત્યાગે,
જૈન શાસનના પ્રભાવક-
જે મહારાજવીએ
જગતમાં પીટાવ્યો પડહ
સકલ જીવદયાની પ્રતિપાલનાનો,
અને અમરતા અર્પી
જગજૂની જૈન સંસ્કૃતિને
જે પ્રતાપી રાજરાજાએ.
× × × ×
એ મહારાજવીઓના આથમ્યાં,
પથરાયા ગુર્જરોની પુણ્ય ભૂમિપર
અંધાર ને આંધીના ઓછાર.
ગુજરી ચૂક્યા રાક્ષસી સીતમો
જુગજૂની જૈન સાધુતા પર
રજનીચર શા 'અજય' રાજવીના.
ધર્માંધતાની અસહિષ્ણુતાએ
ધૂળમાં મેળવ્યાં
બાહડશા મંત્રીશ્વરોનાં
દિગંતવ્યાપી મહાશૌર્ય.
કોટિ કોટિ મૂલ્યે સર્જાયલાં
અદૃય થયાં કૈંક પુનીત શિલ્પો
ઝેર વેરના મલિન આવરણોમાં.
દર્શન થયાં જ્યાં ત્યાં
નિષ્ઠુરતાની પરમાવધિનાં.
અપવિત્ર પંથે રેલાવ્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનની પરબોનાં પાણી;
ભૂ–શાયી થયા
ઊર્ધ્વગામી સૌ મનોરથો.
× × × ×
કળકળી ઊઠી રૂઠેલી કુદરત.
કોપાયમાન થઈ એ કારુણ્યભરી.
[૧]પાપને પાકતાં વાર ન લાગે.
કંકલોહની કાતીલ છુરીએ
લોહી રેડાણું અનાર્ય અજેપાલનાં
એના જ વંઠના હસ્તે.
[૨]અહીં જ ફલ પામતાં માનવી
અત્યુગ્ર પુણ્યપાપોનાં.
મર્યો એ મત્ત રાજવી
રીબાતો ને તરફડતો
ઉપેક્ષિત શ્વાનના દુર્મોતે
રાજધાનીના જ રાજદ્વારમાં.
[૩]ગુર્જરાત્રનું આ રાજ્ય
સ્થપાયું જૈન મન્ત્રીઓથી
છેક 'વનરાજ'થી ય લઈને,
એ જૈન મન્ત્રીઓનો દ્વેષ્ટા
અનુભવે ના કો'દી
સુખ–શાન્તિ–આનંદને.
× × × ×
જુલ્મોનો જુવાળ ઓસર્યો
અજયપાલના અવસાને,
પણ મંડાયાં પડતીનાં પગલાં
ચૌલુક્યોના સામ્રાજ્યની.
ભુંસાવા લાગ્યાં પાદચિહ્નો
પૂર્વજોની અમર કીર્તિનાં
અને ગુર્જરાત્રની ભરભરાટીનાં
અકર્મણ્યતાના કારમા કર્દમયોગે.
'મુંજાલ' સમા મુસદ્દીઓના
મહામોલા રાજમન્ત્રોથી
વંધ્યા બની ગુર્જરત્રા.
ન શોધ્યા કે ન મળ્યા
ગુર્જરેશના રાષ્ટ્રને
'સાંતૂ' સમા મહામાત્યો.
ઉદયન સમો ચાણાક્યપુરુષ,
અભયકુમાર શો બાહડમન્ત્રી,
એમના રાષ્ટ્રહિતના આદર્શો
અવગણાવા લાગ્યા આજે
અજ્ઞાન ને અહંભાવથી.
મુસદ્દીઓના મહામન્ત્રવિહોણી
પ્રતિષ્ઠાહીન બની ગુર્જરી મૈયા.
ચાર ચાર સૈકાઓ સુધી ગરવી
એ ન રહી આજે ઉન્નતશિરા.
ઉકાળી ઉકળતા તૈલ–કટાહમાં
મહામાત્ય શ્રી 'કપર્દી'ને
શાપ વ્હોર્યો એણે
એના જ અવળચંડા પતિના હસ્તે.
અવગણાયો એની આંખ નીચે
પ્રપિતામહ પદનો વિજેતા
'આમ્રભટ્ટ' શો શૂરશિરોમણિ.
એના શૂરનાં પૂર ઓસર્યાં.
એ બાળને વરી!
અને ગ્રહિલને ય વરી!
ધવાયાં આત્મસન્માન એનાં.
ઓશિંગણ બની એ.
લૂંટાવા લાગી એ વૈભવવતી
અન્યાય ને પાપના હસ્તે.
થઈ રહી વિહારભૂમિ
'**मत्स्यगलागल**' ન્યાયની.
થઈ પડયાં અરણ્યરુદન
જૈન સંસ્કૃતિથી ઘડાયલાં–
ગુર્જર બાલ–વૃદ્ધ–બાલાઓનાં.
ન જોવાયાં–જરવાયાં એ
ગુર્જરાત્રની અધિષ્ઠાત્રી–
શ્રીમતી મહણદેવતાથી
× × × ×

---

૧ पापं पच्यते सद्यः ।
२ अत्युग्रपुण्यपापानामिहैव फलमश्नुते ।
३ गौर्जरात्रमिदं राज्य, वनराजात्प्रभृत्यपि ।
स्थापितं जैनमन्त्र्यौघैस्तद्द्वेषी नैव नन्दति ॥१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશરક્ષિકા શ્રીમહણદેવીએ
ઉદયનાં સમણાં સમર્પ્યાં
ધવલક્કના રાણક 'લવણપ્રસાદ'ને
અને વળી તેના પુત્ર 'વીરધવલ'ને.
'રાજ્ય પ્રતાપ ને ધર્મની-
અતીવ અભિવૃદ્ધિને માટે
સંગ્રહી લ્યો મન્ત્રીશ્વરના પદે,
શશી-સૂર્યના અવતારસમા
શ્રી વસ્તુપાલ-તેજપાલને.
ભંડારો ભરે રાજ્યના શ્રીથી
મહારથી રાજવીઓ,
નીતિથી એ સમુન્નતિને પામે
મહામન્ત્રીશ્વરોના મતિ-હસ્તે.
શોધી સમ્મતિ પિતા-પુત્રે
કવીશ્વર શ્રીસોમેશ્વર દેવની.
ઓળખ આપી એ બે બંધુઓની
રાજના મહામાનીતા-
'પુરુષ સરસ્વતી'એ કુલગુરુએઃ-
"ગુર્જરીના આત્મ શો
મહાનુભાવ મન્ત્રીમહાન્ત્રીઓથી-
અતીય પ્રૌઢિમાને પામેલો
પુનીત પ્રાગ્વાટોનો વંશ.
એ પ્રાગ્વાટ વંશમાં
કુમાદેવીની કુખે ઉદ્ભવેલાં
ઠક્કુર આસરાજે સંસ્કારેલાં
મહી-મહામૂલાં રત્નો
શ્રી વસ્તુપાલ ને તેજપાલ.
સર્વ કલાના કુલગૃહ એ બાંધવો.
દૂબદૂ ઊઠયાં છે એઓમાં
ન્યાયની મૂર્તિનાં ઘડતર.
શ્રાદ્ધ સંસ્કૃતિના અવતાર શા
કૃતજ્ઞશિરોમણિ સેવાર્થીઓ એ.
અગણિત ગુણોનાં ગાન કરતી
એમની સુભગ આકૃતિ.
ભર્યાં છે ભારોભાર
કુલની વિશુદ્ધિનાં સૂચન
એમની મોહક નમ્રતામાં.
આંખમાં ઊગેલાં દિસે
રાજનીતિનાં ઊંડાં અધ્યયન.
વાણીમાં પલ્લવિત પૂરાં
સર્વ શાસ્ત્રનાં પઠન.
ઉન્માદે નથી સ્પર્શ્યું યૌવન.
નથી એમનામાં ધનમદના સંભવ.
સાવ સરલતાનો જ સંસાર-
ઉતાર્યો છે જીવનમાં એમણે
એવાં દિસતાં એમનાં દર્શન"

× × × ×

મહાકવિ કુલગુરુએ કથ્યા
એવા જ હતા એ બંધુઓ-
વિશ્વના વત્સલ બંધુઓ
શ્રી વસ્તુપાલ—તેજપાલ.
વાંચી સોમેશ્વરની સ્વભાવોક્તિને
આદર ઉભર્યો ગુણજ્ઞ ઉરમાં
રાણક શ્રી વીરધવલના ય.
ગૌરવ વર્યાં એ ભ્રાતૃયુગલને.
એકને આધિપત્ય સમર્પ્યું
સ્તંભનતીર્થ ને ધવલક્કનુંઃ-
ઘણાં વાવાઝોડાંથી વીંઝાયલાં
ભરતી ઓટના આરે ઊભેલાં
હાલનાં એ 'ખંભાત' ને 'ધોળકા'.
અનુપમાદેવીના પ્રણયપ્રભુ
પરમ ભ્રાતૃભક્ત
સૂર્ય શા તેજસ્વી તેજપાલને
બનાવ્યો રાજમન્ત્રનો અધિષ્ઠાતા.
પહેલાંથી ય હતો એ રાજસુહૃદ,
અને એની અનુપમાદેને
હતાં સબળ સખ્ય રણવાસનાં.
અમૃત રેલાયાં એ પરમમૈત્રીમાં.
ગંઠાણી પરમ ગોઠીયાની ગાંઠ
સહૃદયી રાણકની સાથે
સૌભાગ્યશેવધિ શ્રીતેજઃપાલની.
બન્યો એ રાજનો પરમ સુહૃદ.

× × × ×

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંધારાં ઉલેચવા માંડયાં ગુર્જરીનાં
શશી–રવિ શા આ સહોદરોએ.
પ્રજાવત્સલ પિતાની જ્યમ,
કોમલ કર ફરતા એમના
વિનમ્ર પ્રજાની પીઠે
અતીવ કોડથી ને ઊંડેરા હેતથી.
ચંદ્રિકા શા ઉજ્જવલ ન્યાયથી
ઉભરાવા લાગ્યા રાજના ભંડારો
પુણ્ય પુરુષ વસ્તુપાલના ઉદયે થતી
દ્રવ્યની અખૂટ ભરતીએ.
કરતા એ સપૂત મંત્રીઓ
ગુર્જરી માતાનું રક્ષણ
અતિ તેજસ્વી બુદ્ધિની તલવારે.
રક્ત રેડવા રેડાવવાનો
પ્રાયઃ અણગમો હતો એમને.
એમની જૈનત્વજીવનની શ્રદ્ધામાં
એ શોભિત ને યુક્ત જ હતું.
અગવડે જ આદરાતા યુદ્ધના અપવાદો
એ મહારથી વીર મન્ત્રીઓથી.
એમની મન્ત્રણાએ જ કામણ કર્યાં
દૂર દૂરની દેશાન્તરીય ભોમને.
કરતા એ મન્ત્રીઓ
[1]અ–કરથી કોશની ભરતી,
દેશનું રક્ષણ કરતા
મનુષ્યોના અસંહારથી,
પ્રદેશને વિસ્તારતા
યુદ્ધના અનારંભથી.
આવો હતો એમનો મન્ત્રીમન્ત્ર,
છતાં વીરહાક વાગતી
એમની ચતુરંત દિગન્તરે.
એમની ઊંડી મન્ત્રણાએ–
અને અમાપ અડગ શૌર્યે
વિજયવરમાલાઓ પ્હેરાવી એમને
ત્રેસઠ ત્રેસઠ વાર.

અપકીર્તિનો એકે ડાઘ ન લાગ્યો
અઢાર અઢાર વર્ષના
એમના મન્ત્રવ્યવહારમાં.

× × × ×

સુવિશુદ્ધ અને સફલ હતા
સકલ ગૃહવ્યવહારો ય
વસ્તુપાલ અને તેજપાલના.
હતા પરમ માતૃભક્ત
વીરધવલના એ મન્ત્રીશ્વરો.
ગૌરવમાં ય પૂજારી હતા
સ્ત્રીઓની તે માતૃશક્તિના.
પૂરી રહ્યાં છે એની શાખ
કુમારદેવીનાં સ્મારકો
સૌરાષ્ટ્રની પુનીત ભૂમિમાં—
અને ઇતિહાસના અમર પાને.
અપાર હતા એમના અંતરમાં
માતૃભક્તિના મનોરથો.
પણ પુરાયા વિશ્વમાં
કોઈના ય બધા મનોરથો ?
માલવવિજયના જયજયારાવો
મયણલ્લા માતાના શ્રવણે
સુણાવવાના કોડ જાગ્યા'તા
મહારાજા શ્રી સધરા જેસીંગને.
એવી જ ઉરની આતુરતાથી;
શ્રી શત્રુંજયના પુનીત શિખરે
આરતીના મંગલ પ્રસંગે,
કો' કલાકારે સર્જેલી
માતની મૂર્તિનું નિરીક્ષણ કરતાં,
પુણ્યકાર્યોના જયવાદો
કુમારદેવી માતાના કર્ણે
સુણાવવાના કોડ જાગ્યા
મંત્રીશ્વર શ્રી વસ્તુપાલને.
પણ ઊગ્યા એ કોડ
અંતરના નીસાસા અને—
[2]માતના અણહોતા

---

१ अकरात् कुरुते कोशमवधाद् देशरक्षणम् ।
भुक्तिवृद्धिमयुद्धाच्च—

२ मा स्म सीमन्तिनी काऽपि, जनयेत् सुतमिदृशम् ।
बृहद्भाग्यफलं यस्य, मृतमातुरनन्तरम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટાં ભાગ્ય ખીલી ઉઠે
એવા સુતને ના પ્રસવે
વિશ્વમાં કો' સીમન્તિની '
એ સૂક્તની ઉક્તિ સાથે
અણપૂર્યાં જ કરમાયા.

× × × ×

કલ્પવેલી કામધેનુ શો
સદા ફળતો ફૂજતો
હતો ઃસન્નારીજન
શ્રી વસ્તુપાલના ગૃહાભ્યન્તરે.
લાલિત્ય ભરી ' લલિતાદેવી '
શોભતી અને શોભાવતી
વસ્તુપાલના અંતરવ્યવહારને.
ઉપજાવતી અંતરના ઊંડા જપે
ગૃહનાં મંગલ-કલ્યાણો
સદા સંતોષિની ' સોખુદેવી '.
કુંકુમ પાથર્યાં સૌથી ય વધુ
મન્ત્રીશ્વરોના ગૃહવ્યવહારમાં
કુંકુમ પગલાંની ' અનુપમાદેવી 'એ.
હતી એ ગુણોથી ય
પૃથ્વીતલમાં અનુપમા.
શ્યામરૂપધારિણી એ
સાક્ષાત્ લક્ષ્મી જ હતી.
સરસ્વતી શી પરમ વિદુષી
હતી એ તેજપાલની પ્રણયદેવી.
આસરાજના કુલગૌરવની
હતી એ સદા ય ફલવતી આશા.
ભર્તામાં દૈવત ભાળનારી
એ મહાસતીએ
દાગીનામાં દૈવત ન દેખ્યાં.
નારીજીવનમાં જીવનથી ય ચડતાં
મહિયરીયાનાં મોંઘાં ધન્ —
ભવ્ય દિવ્ય આભૂષણો,
એ એણે આગળ ધર્યાં
રાજરાણી ' જયતલદેવી 'ના ચરણે
પતિ-સહજની સ્હેજ પ્રેરણાએ !

કુટુમ્બના ગૌરવ કાજે
કરાયલા એ ત્યાગમાં
મહાભાગ્ય મનાયાં અનુપમાદેથી.
ચંદ્રાવતીના ધનકુબેર ધરણિગની
કુલકન્યા અનુપમાએ
કરેલી આ ઔદાર્યની વાવણીએ,
અનાહત વપન થયાં
મોંઘેરા મન્ત્રીપદનાં બીજ.
અંકુરિત થઈ અંતે એ
ખૂબ જ ફૂલ્યાં ને ફળ્યાં
એની જ મતિમન્ત્રણાના
સમયે સીંચાયા સલિલથી

× × × ×

સદા ય માન્ય થતી
અનુપમા એ ગૃહમન્ત્રણામાં,
અને મુશ્કેલીના સમયે
મન્ત્રીમન્ત્રણામાં ય.
જિતાયા જ્યેષ્ઠો પણ
એ પતિવ્રતાનાં બુદ્ધિચાતુર્યે.
સમાયાં સઘળાં સ્વજનો
એની ઉદારતાની સોડમાં.
વિવેકના વશીકરણે
એની આમન્યા ન'તી મુકાતી
મહારથી મન્ત્રીશ્વરોથી ય.
જીવનની સાથે વણાયેલા
એના કોમલ હૃદયના
આર્જવભર્યા અતિવિનમ્રભાવો
સર્વનાં હૃદયોને નમાવતા.
એની અથાગ બુદ્ધિ માટે
અત્યાદર સાથે ઈર્ષ્યા ઊગતી
તેજપાલના અંતરમાં ક્યારે
અને તે પોષતી પ્રણયપ્રણાલીને.
બોલતા મુનિવરો ય
એ મહામાનસની બિરૂદાવલી.
પુણ્યના પંથે ભૂલતાં
સ્વજન અને મન્ત્રીશ્વરોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદા પથ-પ્રદર્શક હતી
પુણ્યભૂમિના ભોમીયા શી એ.
'વણુ ટેકે ભૂપનાં ભવાં પર ટકેલી
સેવકોની ચંચળ લક્ષ્મીને'
નિશ્ચલ કરવાનો કીમિયો
આબાદ જાણતી એ
કુદરતની અજબ કીમિયાગરણ.
ગિરિશિખરોના ગગનાંગણમાં
મણિ રત્ન ને હેમેમઢયા—
દંડ-કલશના ગેડી-દડાથી
રમતી ને ખેલતી
એની પુણ્યપરિચિત દષ્ટિ,
ભોમદાટયા કૃપણકલશોથી
સદાય અંતરનાં રીસામણાં કરતી-
અને ફરજ પાડતી તેમને
પોતાની મનવણીના માટે.
હતી એ મહામીમાંસક
કર્મવિજ્ઞાનના સિદ્ધાન્તની.
કાળની કસોટીએ કસાતા
અને અકસ્માત્ પલટાતા—
ભાગ્ય ભવિષ્યની દીર્ઘદર્શિની એણે
શીઘ્ર સર્જાવ્યું અર્બુદગિરિ પર
સારી સૃષ્ટિના શણગાર શું
'લૂણિગ' જ્યેષ્ઠનું સ્મૃતિચિહ્ન.
ભલેને એમાં હોય પછી,
'લૂણસિંહ' સુતનાં વાત્સલ્ય
કે સારા ય સ્વજનનાં સમર્ચન.
સેવાધર્મની પરમ ગહનતાને પીછાનતી
સાચી સેવિકા એ
મન વચન કાયાથી સેવતી
સદા ય કૌટુમ્બિક સભ્યોને.
એ જ માન્યા'તા એણે
નિજ જીવનના લૌકિક લ્હાવ.
લોકોત્તર લ્હાવને સર્જતી
એવી એ લૌકિક લ્હાણીઓ.
વીણાના કોમલ રણકાર શી
ગંભીર સ્થિર વાણીની વિધાત્રી
એ હતી વાગ્સારા વાગ્દેવતા
મોતીના મણકાશાં પ્રસન્ન
ઇક્ષુના વિકાર શાં મધુર
એનાં પુનીતપ્રાય વચનો
પાવન કરતાં પતિના ઉરને-
અને તેની ભાવુક ભાવનાને.
કુટુમ્બપરનાં એનાં સન્માન
પ્રતિપડઘા પાડતાં,
એની યશગાથાને લલકારી
એને જ સત્કારતાં સન્માનતાં.

× × × ×

હતાં આવાં માતનાં
અને અન્ય સર્વ નારીઓનાં
સદા ય દૈવી સન્માન
એ મન્ત્રીશ્વરોના ગૃહસૂત્રમાં.
પ્રગટાવ્યાં આ વિવેકે
અખૂટ નિધાન
એમના પગલે પગલે.
પિતૃપૂજનના કોડથી શું
એમના સંતોષસાગરમાં
સમાવાની સમીહા કરતો,
મહાનુભાવ રત્નશ્રેષ્ઠીનો—
અનન્ત પ્રભાવશાલી
શ્રી દક્ષિણાવર્ત મહાશંખ.
પુણ્યપુરુષોમાં ઉત્તમ એઓ
હૃદયંગમ સ્વામી હતા
શ્રીમતી લક્ષ્મી દેવતાના.
સદા ય ચપલા ને ગર્વિષ્ઠા
એ શ્રી દેવતા
પ્રાયઃ નીચગામિની છતાંય
ઉચ્ચહૃદયી એ પ્રિયતમોના
સૌભાગ્ય-અંકને ન છોડતી
સહી લેતી એ શ્રીદેવી
ઉપેક્ષા ને અવગણનાને.
સદ્ભાગ્યના વશીકરણથી
સદા વશ્યાનું જીવન વીતાવતી
અતીવ સ્થિરતાને આદરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આધીન બની બેઠી એ
સદાય આ મન્ત્રીશ્વરોની સોડમાં.
શ્રી સન્માનતી એમને.
અવસરે એઓ પણ શ્રીને
યોગ્ય રીતે સન્માનતા.
આવડયાં સાચાં પૂજન શ્રીનાં
નારી પૂજક એ નરપુંગવોને.
૧'સર્વે ગુણો સોનામાં વસે'
પણ કો'કને જ આવડે
એ ગુણો કેળવવાની કળા.
એ કળાએ બન્યાં
ગુર્જરીનાં અમોલ શણગાર
એ બે બંધુઓ ને
ઓલી અજબ અનુપમા.

× × ×

શણગારી ગુર્જરી જન્મભૂમિ
ઉદાર દિલની એ ત્રિપુટીએ
દિવ્ય દેવળો સર્જાવીને
ઔદાર્ય ખડકયું એમણે
'લૂણિગ' વસહીના અલૌકિકમાં.
ગુર્જરીના અંબોડામાં ગુંથાયલું
અજબ અવનવા મ્હેલપાડયું એ
અમોલ શિલ્પરત્ન.
'વિમલ' વસહીની નાની બ્હેનશું
અર્બુદગિરિ પરનું
મન્ત્રીભક્તિનું એ મહાસ્મારક.
આજેય જે જગતની દૃષ્ટિને
ગરકાવ કરી દેતું
કૌતુક ને ભક્તિના
અતિ ઉંડેરા મહાસરવરીયામાં.
એના અજબ શિલ્પ-ઘડતરમાં
પ્રસ્તરના તસુતસુએ
મન્ત્રીશ્વરોની ને અનુપમાની—
અનન્ત યશઃકીર્તિના
સાર્થક અક્ષરો ઉઠાવ્યા

૧ सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते ।

મહાસૂત્રધાર શોભનના ટાંકણે.
રક્તથી રંગાય શૌર્યનાં સ્મારકો,
મોહના મળ જામે સ્નેહનાં સ્મારકોમાં,
શહેનશાહી સ્મારકોમાં
ઊઠે અક્ષરો
બળજબરીની અરેરાટીઓના.
ઈર્ષ્યાનાં ને વૈરનાં ઝેર હોય,
મોહનાં કેરી કુતૂહલ હોય,
જુલ્મ ને અભિમાનના આડંબર હોય,
એ અવનવાં સર્વ સ્થાપત્યોમાં.
જગવે એ વાસનાના વાવંટોળોને.
શોધી ન જડે એ સ્થાપત્યોમાં
ભક્તિની ભોમમાં ઊગતી
અમર આનંદની આશા.
ભક્તિનાં અમૃત અણપીધે
અમર બન્યા કોના આનંદો ?
લૂણિગવસહીનાં વિધાપકોની
ભક્તિના પ્રદર્શન સમું
ભાળ્યું છે એ દેલવાડાનું દેવળ ?
એ પરમભક્તિની પ્રતિમામાં
ભાતૃત્વસ્નેહ કે પુત્રવાત્સલ્યની
પુનીત પ્રશસ્ત પ્રેરણાને
ઝળહળી રહ્યો છે અનુપમ ઓપ;
આજેય જે આંજી નાખતો
ભક્તિના ભાવુક યત્રિકોને.
બ્રહ્મચર્યના આબાલ પૂજારી
પરમપ્રભુ શ્રીનેમનાં દર્શનથી
ત્યાં કોણ ના ઉજાળે આત્મને ?
સદ્ભાવનાં સોહામણાં ચક્ષુએ
કોણ ના વાંચે પુણ્યશાળી
મંન્ત્રીઓની એ પુણ્યપ્રશસ્તિને ?
મંત્રીઓની બંધુબેલડીએ—
અને પ્રેરણાની પ્રતિમા શી અનુપમાએ
અવતારેલી
ભક્તિની એ અમરગંગામાં
કોણ ના ઝીલે ભાવુક માનવી ?
અમર જળો એ શાન્તિની જ્યોત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્બુદગિરિની શીતલ સપાટીમાં!
ઉજાળો એ જ્યોતનાં કિરણો
અનાદિ અંધેરને હરી
યાત્રિકોના ભવ્યાત્માઓને!
શાન્ત ને શીળાં કરો એ
સારીય આલમનાં
સદાય બળતાં જળતાં હૈયાંને!

× × × ×

સબુર, સબુર,
ઓ! મહાનુભાવ ગુણજ્ઞો!
એટલેથી ય નથી અટકતી
એ પુણ્યાત્માઓની પુણ્યપ્રશસ્તિ.
સર્વાંગે શણગારી એમણે
ગુર્જરી-માતાને
ભક્તિનાં ભવ્ય આભૂષણોથી.
માનીતા એ મન્ત્રીશ્વરોના—
વિશાલ હૃદયોમાં
ન'તા ધર્મદ્વેષ કે વર્ણવિદ્વેષ.
ભીડના ભંજક એઓ
ભ્રાતા સમ મનાતા સર્વ વર્ણોથી.
ઉદારતાની અવધિ અનુપમા
મનાતી 'ષડ્દર્શન-માતા'
સર્વ દર્શનીઓના સંઘથી.
એમની લક્ષ્મીના ભંડારો
સદા અવિભક્ત હતા
ગુર્જરીના સંતાનોને માટે.
એમનું હૃદય કરતું
પાત્રાપાત્રના ભેદનો વિવેક,
ન'તો સમર્પ્યો એ હક્ક હસ્તને.
સૌ કોઈ તૃષાને છીપાવતા
એમની ઉદારતાની સરિતામાં.
ઔચિત્યના આત્મસમા
એ મહામાનવોની
યશગાથાઓ કોણે નથી ગાઈ?–
કવિત્વના અમરકીર્તને.
ઉજવી બતાવ્યા
એમની કીર્તિના કૌમુદીમહોત્સવો
મહાકવિ સોમેશ્વરે
કુમારપાલ શી કૃતજ્ઞતાથી.
એમના પુણ્ય અવતારે
નારીના નિન્દિત મનાતા જન્મને
સંસારમાં સાર વદાવ્યો
જિતેન્દ્રિયોની ય જીભે,
[1]'અસાર એવા ય આ સંસારમાં
સાર છે સારંગલોચના,
જેમની કુખે જન્મ ધારણ કરે
વસ્તુપાલ! તમારા જેવાઓ.'
એવાં અમર સૂક્તોથી.
આભમાં ઉછાળતી
એમનાં યશઃ કીર્તિને
ગુર્જર-લાટ-સૌરાષ્ટ્રાદિનાં—
દેવમન્દિરોના શિખરોપરની
ફરફરતી પુણ્યપતાકાઓ.
બોલતાં બિરૂદાવલીઓ એમની
પરબો તળાવો ને વાવડીઓ
પાંથો ને પક્ષીઓના શતશો મુખે.
સદા ય આશીર્વાદ આપતા
એ મન્ત્રીશ્વરોને
વેદમન્ત્રના ઉચ્ચ ધ્વનિઓથી
એમણે સર્જેલી–
પંચશત બ્રહ્મપુરીઓના ભૂદેવો.
એ મન્ત્રોના ઉચ્ચારણમાં
યોગ્ય અમાત્યપદના
રાજ ને રાષ્ટ્ર પ્રત્યેની વફાદારીના
સહિષ્ણુતાના સિદ્ધાન્તના
ઔચિત્યની ઓળખાણના
અને એવાં કૈં કૈં તત્ત્વોના
વિવિધ સૂરોની વ્યંગ્યતા હતી.
ગુર્જરી માતાના આત્મને
શૌર્યથી રક્ષતાં છતાં,

[1] अस्मिन्नसारे संसारे, सारं सारङ्गलोचना।
यत्कुक्षिप्रभवा एते, वस्तुपाल! भवादृशाः॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉમદા આદર-સત્કારના
અને મસ્જિદોના વિધાનના
સાવચેતીસૂચક ચોકીયાતો ય
ચારે કોર રાખ્યા હતા
એ દીર્ઘદર્શી મન્ત્રીશ્વરોએ.
દૂર જ રાખ્યા ગુર્જરીથી
મ્લેચ્છ નૃપોને એમણે
દર્શાવી શૌર્ય બલ ને સામ્યતા.
[1]બૌદ્ધો ને વૈષ્ણવો,
શૈવો ને યોગીઓ,
અને વળી આર્હતો,
સૌ કોઈ બૌદ્ધાદિ સ્વરૂપે
આત્મીય માનતા ને સ્તવતા
પરમ સત્ત્વશાલી શ્રી વસ્તુપાલને.
એ પ્રધાનોના પ્રધાનવટાએ
કૃતયુગના બતાવ્યા
ઔદ્ધવ ને અભયકુમારને,
પુરાણનાં પાત્રો કલ્યાં
કલ્પક ને યૌગંધરાયણને,
ઇતિહાસને પાને જ રાખ્યા
જામ્બક તથા આલિગને.
સદા કૃતજ્ઞ છતાં ય
ભૂલવા લાગી ગુર્જરીજનતા
મુંજાલ ને સાન્તૂ શા
ઉદાયન ને વાગ્ભટ્ટ શા
જાણીતા જૈન મહામન્ત્રીઓને.
હિમાલય શા મહાન એમની—
રાજનીતિ ને જીવનચર્યા
અતીવ નીચું જોવરાવતી
કવિસમયસિદ્ધ પેલી—
અમર ગંગાની પવિત્રતાને.
ભાટ ચારણોનાં ચાટુવચનો
ગર્વના ગિરિશિખરે આરોપવા
અશક્ત હતાં
એ વિવેકવિચક્ષણોને-
અને અતિદક્ષા અનુપમાને.
રાજ્યના કારોભારથી
ક્યારે ય નીચાં ન નમતાં
એમનાં સદાય ઉન્નત શિરો,
જગઉછાળ કીર્તિના અક્ષરો
કર્ણે પડતાંની સાથે જ
લજ્જાનાં ભારથી નમી જતાં.
સ્નેહથી વ્હાતાં સ્વજન-ચકોરો
સદાય એ પુરુષચન્દ્રોને.
પંડિતપ્રવરોનાં પદ્મો ને કુમુદો
પ્રતિદિન ઇચ્છતાં
એ તેજસ્વીઓના ઉદયને.

× × ×

હતા વિશેષ વિદ્વાન શ્રી વસ્તુપાલ.
વાસ કર્યો હતો વાણીદેવીએ
એના વદનકમળે
આદર કર્યા વિદ્યાનાં
ભોજસમા એ કવીશ્વરે.
કવિજનોનો કરદાન એ
ભરી દેતો લક્ષ્મીથી
કવિઓનાં કંગાલગૃહોને.
સર્વ દર્શનના વિદ્વજ્જનોએ
પોકારી એ મન્ત્રીની બિરૂદાવલી
'**सरस्वतीकण्ठाभरण**' આદિ
બહુ બહુ બિરૂદોથી.
સર્વગુણના એ સમધિષ્ઠાનમાં
વિભુતા ને વિક્રમ હતાં,
વિદ્યા ને વિદગ્ધતા હતી.
વિત્ત ને વિતરણ હતાં,
અને એ સર્વ કરતાં યે
વધુ હતો સર્વગુણશ્રેષ્ઠ વિવેક.
એમ સાત 'વિ'કારો હોતાં ય
વિકારવિહીનતા જ હતી
એ વિવેકશિરોમણિમાં.

× × ×

---

૧ "बौद्धैर्बौद्धो वैष्णवैर्विष्णुभक्तः
शैवैः शैवो योगिभिर्योगरङ्गः ।
जैनैस्तावज्जैन एवेति कृत्वा,
सत्त्वाधारः स्तूयते वस्तुपालः ॥

(ગાંધીનગર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો વારસો એ મન્ત્રીઓમાં
મહાન મહાજૈનત્વનો.
એ વારસાને સંપૂર્ણતયા રક્ષવા
કડપ દોરવણી હતી
કુમારદેવી માતની.
' મદનું મદિરાગૃહ ન બને
વસ્તુપાલની બેઠક '
ધરાવી એ લાલબત્તી દેવીએ
સૂરિ શ્રી વિજયસેનથી.
ઉપદેશો વહાવ્યા એણે ત્યાં
જ્યોતિષવિદ્યાવિશારદ
પિયરપક્ષીય ગુરુશ્રી નરચંદ્રથી.
બન્યા એ બંધુઓ
સર્વ મર્યાદાના સાગર.
જૈન યોગકુલના સુયોગી
આચારવિદ એ શ્રાવકો
પૂજતા ત્રિકાળે
પરમઇષ્ટ શ્રી વીતરાગદેવને.
પરમપ્રભુને પૂજ્યા ને પૂજાવ્યા
સાડા બાર મહાસંઘયાત્રાથી
ગુર્જરી આદિની ભાવુક જનતાને
દેવાધિદેવના એ મહાપૂજકોએ.
સૌરાષ્ટ્રની ભોંયનાં
ભવ્ય દિવ્ય આભૂષણ–
શ્રી શત્રૂંજય ને ગિરિનાર,
એની મહાયાત્રાઓથી
માનવભવના લ્હાવ
લીધા ને લેવરાવ્યા એમણે
પુણ્યવંતા ભવ્યજનોને.
ગુણસ્તવનાએ સ્તવી
શત્રુંજય મૌલિમણિ શા
આદિ પ્રભુ શ્રી ઋષભદેવને,
અતિપુનીત બનાવી
મૌક્તિકલાભચટુ જિહ્વા
જૈન સ્તુતિના એ વિધાયકોએ.
કોટિશઃ પ્રભુનાં પ્રતિરૂપોથી
મંડિત કરી ધરા
અને વળી કે ધરાધરો
મન્ત્રીધુરાના એ ધોરીઓએ.
અર્હન્તોના અહર્નિશ ધ્યાનથી
પ્રભુમય બનેલા
એ મહામન્ત્રીઓના માનસને
તીર્થસ્વરૂપ બોલતા
જગજ્જાણીતા જૈનાચાર્ય–
શ્રી જિનપ્રભસૂરીશ્વરાઃ–
' અર્હન્તોથી જે અધ્યાસિત હોય
કહેવાય તે તીર્થ[૧]
સદાય અધ્યાસિત હતાં
અર્હન્તોથી તેમનાં ચિત્ત.'
ન હતા ન–ગુરા એ મન્ત્રીબંધુઓ.
સન્માનથી–વંદનથી–દાનથી
સતત સત્કાર્યા એમણે
પૂજ્ય શ્રી ગુરુવર્યોને.
વંધ્યા ન હતી એમની
સુખશાતાની પૃચ્છા.
એમના અપમાનમાં માન્યાં
આપનાં જ અપમાન એમણે.
મહાવ્રતોના અપમાનની વેળા
તૃણની જ્યમ જીવનને ધર્યા
યમ–મહિષના મુખાગ્રે
એ મહાનુભાવ યજમાનોએ.
આખા ય અંગ પર
મુનિપાત્રમાંના ઘી ઢોળાતાં
અભ્યંગન મનાયાં
મહાઆર્હતી શ્રી અનુપમાથી.
ઠરી જ ગયો તેજપાલ
ઘાંચણનું નિદર્શન દેવાતાં
મીઠાબોલી એ સ્ત્રીદેવતાથી.
'સુપાત્રદાનના અવશેષિત કોડથી
પુનરવતાર પામ્યો કુમારપાલ '
એમ ઉત્પ્રેક્ષાયો વસ્તુપાલ

૧ यदध्यासितमर्हद्भिस्तद्धि तीर्थं प्रचक्षते ।
अर्हन्तश्च तयोश्चित्त–मध्यवात्सुरहर्निशम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે કે કવીશ્વરોથી.
સાધર્મિવાત્સલ્ય ને સંઘપૂજનમાં
જીવનની સિદ્ધિ માનતાં
એ સદ્ધર્મનાં સ્હાયકો.
યાત્રાળુઓના પગની ધૂલીથી
પવિત્ર માનતાં નિજ આત્મને
એ સાધર્મિકપૂજકો.
પ્રભુ ને સત્પાત્રના સેવનશ્રમમાં
[1]'સફળ થઈ માનતાં
પિતાની આશા ને માતની આશિષ.'
પ્રભુ ને સત્પાત્રના એ સેવકો.
કેવા મનોરથો!

× × ×

સ્વચ્છ સાચવ્યું જીવન એમણે.
સદ્ભાવનાં સુમનસો ખીલવ્યાં
ભાવવિશુદ્ધિના એ ભાવુકોએ.
તેજથી જળહળતાં
મન્ત્રીપદનાં પ્રતાપી જીવનમાં ય
ઉદયાસ્તને મીમાંસતા તેઓ.
સંભાવતા ભરતી–ઓટને
લક્ષ્મીના મહાસાગરમાં ય
એ સાહસધીર પુરુષો.
પાપથી પાછા ફરતા તેઓ
પ્રતિદિન પુણ્યમાં પગલાં માંડતા.
કુમારદેવીનાં કુખનાં એ નૂર
ભક્ત–દાતા–શૂર
ત્રણે ય હતાં.
માતાના સુંદર જૈનત્વને
જીવનમાં જીવી જાણ્યું,
બરાબર જિરવી જાણ્યું,
યથાશક્તિ જોગવી ય જાણ્યું
જૈનના એ કુલ જોગીઓએ.

× × ×

સુકૃતયજ્ઞના યષ્ટા
એ મહાયજમાનોએ
અઢાર અઢાર વર્ષો તક
પુણ્યાર્થે વ્યય કર્યો
ત્રણસેં ત્રણસેં કોટિ દ્રવ્યનો,
છતાં એમની સહજ નમ્રતા—
અને અંતરનો સદ્ભાવ
ઘણું ય ગૂઢ :ગણગણતાં
અવસરે ઉઘાડાં ય પડતાં
પશ્ચાત્તાપની આર્તપ્રેરણાએ.
માનવની માનભરી સૃષ્ટિમાં
મહામના એ મન્ત્રીઓ સિવાય
અન્ય કોણ એમ બોલેઃ—
[1]'કંઈ સુકૃત ન કર્યાં
સજ્જનોને સ્મરણ યોગ્ય એવાં,
કેવલ મનોરથોને જ સાર માનતા
અમારી આ વય
એમનાએમ વીતી ગઈ.'
કયું માપ માપી શકે
આ નમ્રતા ને સદ્ભાવની
આભ શી અપારતાને ?
ભલેને કવિઓ મથે
મહાત્માઓનાં અંતર માપવા,
પણ અધૂરાં રહેવા સર્જાયાં
કૃતજ્ઞોનાં એ મોજણી મંથન.
તો ય ધન્યવાદને તો વરે
પરમાર્થી મહાપુરુષોનાં
એ કવિકૃત 'सुकृतसंकीर्तनो'.
ધન્ય એ ઉદાર પ્રયત્નોને !

× × ×

સદાય સૃષ્ટિ સંભારશે
વસ્તુપાલ–તેજપાલને
અને પુણ્યશીલ અનુપમાને.

---

१ 'अद्य मे फलवती पितुराशा,
मातुराशिषि शिखाङ्कुरिताद्य ।'

१ 'न कृतं सुकृतं किञ्चित्, सतां संस्मरणोचितम् ।
मनोरथैकसाराणा–मेवमेव गतं वयः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદાય ગાતું રહેશે
દેલવાડાનું તે દેવાલય
એમની અમર કીર્તિને.
બિરૂદાવલી બોલશે
એમનાં સુકૃતના યાત્રાળુઓ
સોમેશ્વરદેવાદિ
ગુણજ્ઞ મહાકવીશ્વરોના
સોહામણા શબ્દોમાંઃ—
[2]'સત્રાગારો ને નવાણોથી
તથા અગણ્ય ધર્મસ્થાનોથી
વ્યાપ્ત કરી સમસ્ત ધરા,
અને વ્યાપ્યું ગગનમંડળ
ઉજળાં યશઃકીર્તિથી
વીર શ્રી વસ્તુપાલે.'
ન રહ્યું ખાલી કો' સ્થળ
અન્યના ઉપદેશન માટે.
[3]'વંશ વિનય ને વિદ્યામાં
સુકૃત ને બળપરાક્રમમાં
વસ્તુપાલ શો કોઈ ક્યાંય
ન પડ્યો મુજ દૃષ્ટિ પથમાં.
[4]'નથી દેખ્યો અન્ય કોઈ
તેજપાલથી અધિકો દાની.'
[5]ધર્મને ઉપકાર તારો
અને તને ઉપકાર કરતા ધર્મનો
એમ હે વસ્તુપાલ બન્નેનો
એ યોગ્ય જ સમાગમ હતો.'
[6]'ગુણોથી અનુપમ—
અને પ્રત્યક્ષ લક્ષ્મી હતી
તેજપાલની પત્ની અનુપમા.'

× × ×

મારાં પણ હો
ધન્યવાદ ને અભિનન્દન
લૂણિગવસહીના વિધાપક
એ મહામાત્યો ને અનુપમાની
સુકૃતશાલિની રત્નત્રયીને.

---

२ अन्नदानैः पयःपानै-र्धर्मस्थानैश्च भूतलम् ।
यशसा वस्तुपालेन, रुद्धमाकाशमण्डलम् ॥

३ अन्वयेन विनयेन विद्यया,
विक्रमेण सुकृतक्रमेण च ।
क्वाऽपि कोऽपि न पुमानुपैति मे,
वस्तुपालसदृशो दृशोः पथि ॥'

४ त्यागी तेजःपालादपरः कोऽपि न दृष्टः ।

५ तवोपकुर्वतो धर्मं, तस्य त्वामुपकुर्वतः ।
वस्तुपाल! द्वयोरस्तु, युक्त एव समागमः ॥

६ तज्जायानुपमा गुणैरनुपमा-
प्रत्यक्षलक्ष्मीरभूत् ॥

---

# 'विदग्धमुखमंडन' के कर्ता धर्मदास जैन थे ?

लेखक—श्रीयुत अगरचन्दजी नाहटा

'श्री जैन सत्य प्रकाश' के क्रमांक १०९ में प्रो. हीरालाल र. कापडियाका "दासान्त नामक प्राचीन मुनिवरो" लेख छपा है, उसमें 'विदग्धमुखमंडन' के कर्ताको जैन माना गया है। पर मुझे प्राप्त प्रमाणों द्वारा वे बौद्ध थे ऐसा प्रतीत होता है। इस ग्रन्थ पर ५ जैन टीकाओंका मुझे पता चला है[1], जिनमेंसे जिनप्रभसूरिकृत टीका एवं एक अन्य टीकामें इन्हें सौगताचार्य अर्थात् बौद्ध लिखा है।

---

१ देखें "जैनेतर ग्रन्थोंपर जैन टीकाएं" शीर्षक मेरा लेख (प्र. 'भारतीय विद्या')

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીષેણ કેવલી

[ ગતાંકથી પૂર્ણ ]

## [ ૫ ] પરીક્ષા અને લગ્ન

સ્વયંવરમંડપ ચિકાર ભરાયો છે, અનેક રાજકુમારો બની-ઠનીને આવ્યા છે, આપસ-આપસમાં ઠઠ્ઠામશ્કરી ચાલે છે, ત્યાંતો રાજકુમારી હાથમાં વરમાલા લઈ આવી પહોંચી. ચંપિકાએ જુદી જુદી રીતે દરેક રાજકુમારોનો પરિચય આપ્યો. ત્યાં રાજકુમારી ધીમેધીમે સનત્કુમાર પાસે આવી. સનત્કુમાર એક નહિ બે હતા. બન્નેનાં એક જ સરખાં રૂપ, એક જ સરખી આકૃતિ, એક જ સરખા વેશ અને એક સરખી જ ઊંચાઇ. આખી સભા આ જોઈ ચમકી. રાજકુમારી ચમકી. બધાયને થયું: હવે કોને વરમાલા આરોપશે ? બન્નેયે કહ્યું હું સનત્કુમાર છું; હું શ્રીકાંતાનગરીનરેશનો પુત્ર છું. રાજકુમારીએ પ્રશ્ન પૂછયા—

| પ્રશ્ન | ઉત્તર |
|---|---|
| किं विसं ( વિષ શું છે ? ) | कोहो विसं ( ક્રોધ વિષ છે ) |
| किं अमयं ( અમૃત શું છે ? ) | अहिंसा ( અહિંસા ) |
| किं अरि ( શત્રુ કોણ છે ! ) | माणो ( માન ) |
| किं हियं ( શું હિતકારી છે ? ) | अप्पमाओ ( અપ્રમાદ ) |
| किं भयं ( શું ભયપ્રદ છે ? ) | माया ( માયા ). |
| किं सरणं ( કોણ શરણ છે ? ) | सत्यं ( સત્ય ). |
| किं दुहं ( દુઃખદાયક શું છે ? ) | लोहो ( લોભદશા ). |
| किं सुहं ( સુખદાયક કોણ છે ? ) | तुट्ठी ( સંતોષ ). |

આ જવાબ સાંભળી બધા ચમકયા. રાજકુમારી પણ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ. હવે કોને પરણવું ? આખરે રાજકુમારીને બુદ્ધિ સુઝી. તેણે કહ્યું-જે મારા હૃદયકમલમાં બેઠેલ છે તે મારા હૃદયનાથને હું વરું છું. એમ કહી વરમાળા પોતાના ગળામાં જ નાંખી. એની બુદ્ધિ પર બધાય ખુશખુશ થઈ ગયા. આખરે બનાવટી સનત્કુમાર નિરાશ થઈ ચાલ્યો ગયો. સાચા સનત્કુમાર સાથે રાજકુમારીનું લગ્ન થયું. લગ્નોત્સવ ખૂબ ઠાઠથી ઉજવાયો. રાજાએ ઉદાર મનથી કન્યાદાન આપ્યું, પુષ્કળ હાથી, ઘોડા, મણિમાણેક, મોતી, અને રથ-ગામ વગેરે આપ્યાં. થોડા દિવસ રહી રાજકુમારે શ્રીકાંતાનગરી તરફ પ્રયાણ આદર્યું.

## [ ૬ ] ધર્મદેશના

રાજકુમાર સનત્કુમાર અને શૃંગારસુંદરી પોતાના સાર્થ સાથે ચાલતાં નંદીગ્રામ આવ્યા છે. ગામ બહાર પડાવ નાખ્યો છે. અને બન્ને જણાં નાહી ધોઈ જિનમંદિરમાં જઈ ભક્તિ-પૂજા કરી જમવા બેસવાની તૈયારી કરે છે, ત્યાં બહાર હાયપીટ-રોકકળ સાંભળી. બહાર જઈ જેયું તો ખબર પડી કે એક ગૃહસ્થનો યુવાન પુત્ર સાપ કરડયાથી મૃત્યુ પામ્યો છે. આથી તેનાં પિતા, માતા, વહુ, ભાઈ, બહેન બધાંય કાળો કલ્પાંત કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. એના સ્વજનો એને શ્મશાન ભૂમીએ લઈ ગયા, પરન્તુ ત્યાં અચાનક એક ઝાડ તરફથી સુગંધી આવી જેથી એ છોકરાનું ઝેર ઊતરી ગયું. ઝાડ નીચે જઈને જોયું તો સુવર્ણ કમલ ઉપર એક ત્યાગમૂર્તિ, સર્વજ્ઞ–સર્વદર્શી મુનિ મહાત્મા બિરાજમાન હતા. બધાં ત્યાં ગયાં. તેમનો ઉપદેશ સાંભળી દરેકે જિનધર્મ સ્વીકાર્યો અને ડાધુ તરીકે રડતા રડતા ગયેલા બધા હસતા હસતા પાછા આવ્યા. ત્યાં રાજકુમારે પૂછ્યું–ભાઈ કેમ બધા હસતા હસતા આવો છો ? ત્યારે એક જણ કે જે મરનારનો ભાઇ હતો તેણે બધી હકીકત કહી સંભળાવી. આ સાંભળી રાજકુમાર સનત્કુમાર અને રાજકુમારી દેશના સાંભળવા ગયાં. ત્યાં કેવલી ભગવંતે દેશના આપતાં કહ્યું—

" જેમ ગુણોમાં વિનય શ્રેષ્ઠ છે, તેમ પુરુષાર્થોમાં ધર્મ વખણાય છે. જીવ વિનાનું ખોળીયું તેમ ધર્મ વિના પુરુષ સમજવો. દેવ વિનાનું મંદિર શોભે નહિ તેમ ધર્મ વિનાનો મનુષ્ય પણ શોભનીય નથી. સંસારરૂપી ગ્રીષ્મ ઋતુના તાપથી સંતપ્ત થયા હો તો ધર્મ-સુધાનું પાન કરો." રાજકુમાર આ સાંભળી બહુ જ રાજી થયો, અને તેણે પૂછ્યું–પ્રભો ! આપે કહેલ ધર્મ ગૃહસ્થો પાળી શકે ખરા ? સર્વજ્ઞ ભગવંતે કહ્યુંઃ દરેક ભવ્ય જીવ ધર્મ પાળી શકે છે. સનત્કુમારે ફરી પૂછ્યુંઃ પ્રભો ! આપે આ યુવાનીમાં કેમ દીક્ષા લીધી તે કહો. સર્વજ્ઞ ભગવંતે કહ્યુંઃ એક તો સંસારની આ વિરૂપતા અને બીજું પણ એવું કારણ બન્યું જેથી મેં આ ભાગવતી દીક્ષા સ્વીકારી.

સનત્કુમારે કહ્યુંઃ એ બીજું કારણ શું છે તે કહો. કેવલી ભગવંતે કહ્યુંઃ સાંભળો.

## [ ૭ ] શ્રીષેણ કેવલી

તારા નામનું નગર છે. ત્યાં તારાપીડરાજા છે. એને શ્રીપતિ નામે મંત્રી છે. એ મંત્રીશ્વરને શ્રીષેણ નામે પુત્ર છે. મંત્રીપુત્રને અને રાજાને ખૂબ મૈત્રી છે. રોજ સાથે જ હરે છે ફરે છે, વિચાર વાર્તાલાપ એક મતીથી જ ચાલે છે. એક વાર એ બન્ને બગીચામાં ફરવા ગયા. વસંત ઋતુ હતી. બગીચામાં વસંતનો મેળો ભરાયો હતો. નગરજનો અને નગર નારીઓ સુંદર વસ્ત્રો પહેરી; બગીચામાં મહાલવા આવ્યાં હતાં. ત્યાં એક યુવાન સ્ત્રીને જોતાં જ શ્રીષેણ તેના ઉપર મોહિત થયો. "સ્ત્રીમાં મદિરા કરતાં પણ વધુ માદકતા છે." દારૂ પિવાથી માણસ પાગલ થાય છે તેમ સ્ત્રીનાં નેત્રકટાક્ષથી મનુષ્ય પાગલ થાય છે. શ્રીષેણ પોતાનું ભાન ભૂલ્યો. મેળામાં બધે ફરતાં ફરતાં એણે આ સ્ત્રીને જ જોયા કરી.

એ સાંઝે ઘેર આવ્યો, પરંતુ એનું મન તો એ સ્ત્રીમાં જ હતું. એ સ્ત્રીની પણ એ જ દશા હતી. બીજે દિવસે એને એક ડોશીએ ખબર આપી કે જે સ્ત્રી તમે ગઈ કાલે જોઈ હતી તે અહીંના રાજપુરોહિત તારક નામે ઉપાધ્યાયની પત્ની રોહિતા છે. તે તમને ચાહે છે. આ પંડિતે વૃદ્ધ અવસ્થામાં એક સ્ત્રી મરી જતાં આ બીજી પરણી છે. હવે દિવસ રાત એની ચોકી કરે છે. પરન્તુ આજે કાર્યવશાત્ બહાર ગામ ગયા છે. તમે સાંઝે પંડિતને ઘેર આવજો. શ્રીષેણ આ સાંભળી ખુશી થયો. **कामान्धो नैव पश्यन्ति** સંધ્યા સમયે દુર્ગતિના દ્વાર રૂપ પરસ્ત્રીસેવન માટે શ્રીષેણ પંડિતને ઘેર પહોંચ્યો. પંડિતાણીએ ઘરનાં દ્વાર બંધ કર્યાં. અને વાર્તા–વિનોદ ચાલે છે ત્યાં તો નોકરે આવી ખબર આપ્યાઃ પંડિતજી આવે છે, દ્વાર ઉઘાડો. પંડિતાણી ચમકી. શ્રીષેણ વિચારમાં પડી ગયો. જો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંડિતજી પોતાને અહીં જુવે તો પોતાની દુર્દશા કરે અને દુનિયામાં અપમાન થાય. એટલે શ્રીષેણે કહ્યું: મને ગમે ત્યાં સંતાડી દે. કોઈ રસ્તો ન સૂઝતાં ઘરની ગટર—ખાળ હતી ત્યાં શ્રીષેણને સંતાડયો. દરવાજા ઉઘાડયા. પંડિતજી ઘરમાં આવ્યા. ઘરમાં પંડિતાણી સિવાય બીજું કોઈ નહોતું.

ગટરમાં પડેલા પેલા શ્રીષેણની દુર્દશા હતી. જે રસ્તેથી નીકળતાં નાક અને મોંઢા આગળ કપડું દાબવું પડે, ત્યાં ગંધાતા પાણીમાં એ પડયો હતો. મચ્છરો મોંઢે ને માથે કરડતા હતા. અને વંદા કૂદાકૂદ કરતાં હતાં. એને નરકની વેદના યાદ આવી. અરેરે, હું કયાં આવું અકાર્ય કરવા આવ્યો? હવે કદી પણ આવું પાપ નહીં કરું. એમ વિચારે છે ત્યાંતો કયાંક કોલાહલ થયો. બધા માણસો ત્યાં ગયા હતા. ત્યાં પાછળથી ડોશીએ આવી હાથ ઝાલી તેને બહાર કાઢયો અને કહ્યું: તું અત્યારે જતો રહે, સવારે તને બધા સમાચાર આપીશ.

ગંધાતાં કપડાં અને શરીર ઉપર પણ ગંધાતું પાણી: આવી દશામાં હું જલદી નાસતો હતો ત્યાં સિપાઈએ મને પકડયો અને દીવો લાવી મને જોયો. જોતાં જ બધા ચમકયા. અરે, આ તો મંત્રીપુત્ર શ્રીષેણ—રાજાસાહેબના મિત્ર શ્રીષેણ! હવે શું કરવું? ત્યાં તો રાજા પોતે નગરચર્યા જોવા નીકળ્યા હતા એ આવી પહોંચ્યા. દૂરથી મને જોઈ દૂર જ ઊભા રહ્યા, પંડિતજીના ઘરમાં કોલાહલનું કારણ આ જ છે એમ વિચાર્યું. અરે, કોણ ભૂલ નથી કરતો. સંસારમાં કયો મતિમાન સ્ખલના નથી કરતો. એને ઉગારવો જોઈએ. પોલીસને સૂચના કરી મને છોડાવ્યો. હું ઘેર આવ્યો, નાહી ધોઈ શુદ્ધ થયો. આખી રાત મેં ચિંતા અને વિચારમાં પસાર કરી. ત્યાં સ્હવારમાં દ્વારપાલે મને બધા સમાચાર આપ્યા. થોડીવારમાં પેલાં ડોશી પણ આવ્યાં. એણે કહ્યું: કાલે હું લઈ ગઈ હતી તે મારી પુત્રી છે. એણે રાત્રે અકાર્ય કરવા તૈયારી કરી, હાથમાં છરી લઈ પોતાના પતિને મારવા ગઈ ત્યાં તો કોઈકે તેને થંભી દીધી, અને આકરા બંધનોથી બાંધી લીધી. તે પીડાવા લાગી. બધા જાગી ગયા. ઘરમાં કોલાહલ મચી ગયો. પંડિતાણી તો બંધનની પીડાથી પીડાય અને ચીસેચીસ પાડે. ત્યાં તો રાજાજી આવ્યા. તેમણે ધૂપદીપ કરી કહ્યું: કોઈ દેવદેવીએ ઉપદ્રવ કર્યો હોય તો શાન્ત કરી દ્યો. ત્યાં તો આકાશમાંથી વાણી થઈ: હું શાસનાધિષ્ટાયિકા દેવી છું. આ દુષ્ટા સ્ત્રી પોતાના પતિનો નાશ કરવા તત્પર થઈ; તો તેના સમ્યગ્દષ્ટિ પતિને બચાવવા મેં તેને બાંધી છે. જેને તેં બચાવ્યો તેને પતિ કરવા અને પોતાના આ પતિને મારવા આ સ્ત્રી તૈયાર થઈ છે તેને યોગ્ય સજા મલવી જ જોઈએ.

રાજાએ ઘણી વિનંતી કરી, પરંતુ દેવીએ કશું માન્યું નહિં. એટલામાં પવિત્રતાની મૂર્તિસમાં બ્રહ્મચારિણી સુવ્રતા નામના સાધ્વીજી—એ સાધ્વીજી પંડિતજીને ઘેર પધાર્યાં. તેમના ચારિત્રનો પ્રભાવ જોઈ પંડિતપત્ની રોહિતાને દેવીએ કહ્યું: તારાં બંધનો હું છોડી નાંખું છું. સાધ્વીજીને ભાવથી વંદના, નમસ્કાર કરવાની ભાવના થઈ તેથી તું મારી સાધર્મિકા બહેન છો. બસ ત્યાં તો વાદિત્રના નાદ થયા. રોહિતા સાધ્વીજીને નમી. અને ઉપદેશ સાંભળી એને દીક્ષા લેવાની વૃત્તિ થઈ છે. સાધ્વીજી કહે છે: અમારા ગુરુ શ્રી શીલપ્રભસૂરિજી જેઓ ઉદ્યાનમાં પધાર્યા છે, તેમની પાસે જઈ દીક્ષા લ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીષેણુને આ સાંભળી ખૂબ પશ્ચાત્તાપ થાય છે. અરેરે, મેં મૂર્ખે કેવી ભૂલ કરી એનું જીવન બરબાદ કર્યું ? હું પણ બદનામ થયો. હવે તો મારે પણ દીક્ષા લેવી જોઈએ. ડોશી સાથે કહેવરાવ્યું કે હું પણ દીક્ષા લેવા જાઉં છું. શ્રીષેણે માતાપિતાને સમજાવી, રાજાની રજા લઈ ગુરુ પાસે જઈ શુભ ભાવનાથી દીક્ષા સ્વીકારી.

શ્રીષેણુ કેવળી આગળ વધતા કહે છે—

મેં તો ગુરુચરણે રહી શાસ્ત્રાભ્યાસ કર્યો, આકરાં તપ કર્યાં અને કર્મ ખપાવવા પૂરેપૂરો પ્રયત્ન કર્યો. આ બાજુ રોહિતા સાધ્વી ન થઈ શકી–એને રજા ન મળી. એટલે ગૃહસ્થનાં બાર વ્રત લીધાં. કાયા શોષવી પરન્તુ મારા પ્રતિનો રાગ–પ્રેમ રહ્યો. આખરે સરાગ દશામાં મૃત્યુ પામી વ્યંતરી થઈ. હે રાજકુમાર, ગીતાર્થપણું પામી ગુરુ આજ્ઞાથી વિચરતો હું આ બાજુ આવ્યો ત્યાં અવધિજ્ઞાનથી મને અહીં ધ્યાનમાં જોઈ અનુકુલ ઉપસર્ગ કર્યા. હું દૃઢ રહ્યો, શુભ ભાવનાએ ચઢચો અને કર્મ ક્ષય થતાં કેવળજ્ઞાન પ્રગટ્યું. જો આ તારી જમણી બાજુ ઊભેલ છે તે જ એ વ્યંતરી છે.

આ છે મારે દીક્ષા લેવાનું બીજું કારણ! હે રાજપુત્ર, ગૃહસ્થે અવશ્યમેવ સ્વદારા–સંતોષ વ્રત પાળવું જ જોઈએ. રાજકુમારે કહ્યું:—પ્રભુ આપનું આ અદ્ભુત જીવનચરિત્ર સાંભળી મને પણ વૈરાગ્ય આવે છે. મને પણ ઉજ્જવલ ચારિત્ર પાળી મોક્ષનાં શાશ્વત સુખો ભોગવવાનું મન થાય છે.

શ્રીષેણુ કેવળી ભગવંતે કહ્યું: હે મહાનુભાવ, હજી તારે વાર છે. તારું ભોગકર્મ બાકી છે, ત્યારપછી સનત્કુમાર અને શૃંગારસુંદરી કેવળી ભગવંત પાસે સ્વદારાસંતોષ અને સ્વપતિસંતોષ વ્રત સ્વીકારી ધર્મભાવનામાં લીન થાય છે× **N.**

× 'વાસુપૂજ્યચરિત્ર'ના આધારે.

# स्नात्रपूजाकी अन्य दो सचित्र प्रतियें

लेखक—**श्रीयुत अगरचन्दजी नाहटा**

"श्री जैन सत्य प्रकाश" के क्रमांक ८२ में मुनि कांतिसागरजीने स्नात्रपूजाकी एक सचित्र प्रतिका परिचय कराया है। मुझे भी ऐसी दो प्रतियोंका पता चला है, जिनका निर्देश यहाँ किया जा रहा है—

१ देहलीके नौघरेके श्वेताम्बर मंदिरमें दो काचमें मढे हुए चित्रपट लगे हुए हैं, जिनमें सचित्र स्नात्रपूजा लिखित एवं चित्रित है। इसमें १४ चित्रित पत्र हैं जिनमें प्रभुके विभिन्न घटनाओंके चित्र अंकित हैं। प्रतिकी लेखनप्रशस्ति इस प्रकार है—

"संवत १९२१ का मिती असाड वदि ३ समाप्तं। भूरासाखायां शुभकरणदास पुत्र मथुरा[दा]स भणसाली गोत्रेन नि[ज] आत्म हेते। लिखतं गंगारामेन"

२ मुनि शिवविजयजीसे ज्ञात हुआ कि पंजाबके एक भंडारमें भी स्नात्रपूजाकी सचित्र सुन्दर प्रति है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈની અહિંસા

લેખક-પૂજ્ય મુનિમહારાજ શ્રીભદ્રંકરવિજયજી [ પૂ. આ. મ. શ્રી. વિજયરામચંદ્રસૂરિશિષ્ય ]

" दीर्घमायुः परं रूपं आरोग्यं श्लाघनीयता ।
अहिंसायाः फलं सर्वं किमन्यत् कामदैव सा ॥१॥ "

દીર્ઘ આયુષ્ય, શ્રેષ્ઠ રૂપ, રોગરહિતતા, શ્લાઘનીયતા, એ સર્વ અહિંસાનું ફલ (પરિણામ) છે. બીજું શું? તે અહિંસા સર્વ કામદા જ છે. સર્વ ઇચ્છિતોને અવશ્ય આપનારી છે. ૧

—શ્રી હેમચંદ્રસૂરિ—

'હિંસા ન કરવી તે અહિંસા', અહિંસાનો એ અર્થ સર્વમાન્ય છે. પણ હિંસા કોને કહેવી? એ બાબતમાં મોટો વિવાદ છે. 'પ્રાણનાશ એ હિંસા' એટલો જ ટૂંકો અર્થ કરવામાં આવે, તો તેમાં ઘણા દોષો તથા અસંગતિઓ રહેલી છે. કેટલીક વખત પ્રાણનાશ ન થવા છતાં હિંસા સંભવે છે. કેટલીક વખત પ્રાણનાશ થવા છતાં હિંસા સંભવતી નથી. વળી 'પ્રાણનાશ એ હિંસા' એવો અર્થ સ્વીકાર્યા બાદ જે પ્રાણોનો નાશ થાય તે પ્રાણ કયા? કેટલા? અને કોને હોય છે?-એ જાણવું જરૂરનું થઈ પડે છે. અને એમાં પણ મોટો વિવાદ છે.

'અહિંસા' શબ્દને "જૈની" વિશેષણ લગાડીએ છીએ ત્યારે જ એ વિવાદનો અંત આવે છે. એ વિશેષણ સિવાયની અહિંસા સાચી અહિંસા જ બની શકતી નથી, પછી સર્વ ઇચ્છિતને આપનારી તો ક્યાંથી જ બને?

શ્રી જિનેશ્વર દેવોએ કહેલી અહિંસા એ જ એક એવી અહિંસા છે કે જેમાં અહિંસાના સર્વ અંગોનો યથાર્થ વિચાર કરવામાં આવ્યો છે. અહિંસાના વિચારનાં ત્રણ અંગો મુખ્ય છે. હિંસક, હિંસ્ય અને હિંસા. 'પ્રાણનાશ' તે હિંસા, એ સ્વીકાર્યા પછી પ્રાણનાશ કરનાર, પ્રાણનાશ થનાર અને પ્રાણનાશ થવાના પ્રકારનું સાંગોપાંગ વર્ણન અને વિવેચન આવશ્યક નથી? આવશ્યક નથી, એમ કહેવું એ અહિંસાને જ અનાવશ્યક ઠરાવવા જેવું છે. અહિંસા જો આવશ્યક છે, તો તેને અમલમાં મૂકવા માટે અને જીવનમાં ઉતારવા માટે તેના જેટલી જ જરૂર હિંસકને, હિંસ્યને અને હિંસાની રીતિઓને જાણવાની છે. તે જાણવા પ્રત્યે ઉપેક્ષા ધરાવનાર કે અરુચિ બતાવનાર અહિંસાની જ ઉપેક્ષા કરે છે કે અહિંસા પ્રત્યે જ અરુચિ બતાવે છે એમ કેમ ન કહેવાય?

ઓછા વધતા પ્રમાણમાં એવી ઉપેક્ષા કે અરુચિ એક જૈન દર્શનને છોડીને પ્રાયઃ પ્રત્યેક દર્શનકારોએ બતાવેલી છે એટલું જ નહિ, કિન્તુ આજે પણ અહિંસાનું માહાત્મ્ય ગાનારાઓ જે છે, તે પણ અહિંસાનાં ઉપર્યુક્ત આવશ્યક અંગોની વાતો પ્રત્યે લગભગ ઉદાસીન જ રહ્યા છે. જૈનશાસન જ તે પ્રત્યે ઉદાસીન રહ્યું નથી. અને જેઓ અહિંસાના મહિમાને ખરેખર સમજે છે, તેઓથી ઉદાસીન રહી શકાય તેમ પણ નથી. હિંસાથી જ દુઃખ અથવા હિંસાથી દુઃખ જ, અને અહિંસાથી જ સુખ અથવા અહિંસાથી સુખ જ, એવો નિશ્ચિત કાર્યકારણભાવ હિંસા અને દુઃખ વચ્ચે તથા અહિંસા અને સુખ વચ્ચે જેઓએ જ્ઞાનચક્ષુથી દેખ્યો છે, તેઓ હિંસાથી બચવા માટે અને અહિંસાને સાધવા માટે જરૂરી જેટલી વસ્તુઓ હોય, તેમાંથી એકની પણ ઉપેક્ષા કેમ કરી શકે?

હિંસા એ દુઃખ સ્વરૂપ છે અને અહિંસા એ સુખ સ્વરૂપ છે, એમ જેઓ હૃદયથી માનતા નથી, તેઓ પણ પોતા પ્રત્યે થતી હિંસાને દુઃખ સ્વરૂપ અને પોતા પ્રત્યે થતી અહિંસાને સુખ સ્વરૂપ હૃદયથી માને જ છે. જે વસ્તુ પોતાને અનિષ્ટ છે, તે વસ્તુ બીજાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનિષ્ટ નથી કે ઇષ્ટ છે, એમ માનવાની પાછળ કેવળ સ્વાર્થવૃત્તિ સિવાય બીજો શો આધાર છે? અત્યંત સ્વાર્થવૃત્તિ કે ગાઢ અજ્ઞાનતા સિવાય બીજો એક પણ નથી. સઘળા નિઃસ્વાર્થી અને જ્ઞાની પુરુષોએ પોતાની કે બીજાની હિંસાને દુઃખ સ્વરૂપ અને પોતાની અને બીજાની અહિંસાને સુખ સ્વરૂપ સ્વીકારેલી જ છે. એમાં જેઓએ જેટલા અંશમાં ભેદ પાડયો છે, તેઓએ તેટલા અંશમાં પોતાના નિઃસ્વાર્થીપણાને કે જ્ઞાનીપણાને કલંક લગાડયું જ છે.

હિંસા એ દુઃખ સ્વરૂપ, દુઃખનું કારણ અને દુઃખની પરંપરાઓને આપનારી છે તથા અહિંસા એ સુખ સ્વરૂપ, સુખનું કારણ અને સુખની જ પરંપરાઓને આપનારી છે, એમાં જેઓને થોડી પણ શંકા રહેલી છે, તેઓ જ્ઞાની જ નથી, પછી પૂજ્ય કે ઉપાસ્ય તો કેમ જ બને? સાચા પૂજ્ય અને ઉપાસ્ય જ્ઞાની પુરુષો તે જ છે કે જેઓએ સ્વપરનો ભેદ પાડયા વિના હિંસાને દુઃખ સ્વરૂપ અને અહિંસાને સુખ સ્વરૂપ તરીકે સ્વીકારેલી છે, કહેલી છે તથા પ્રચારેલી છે.

જૈની અહિંસા એટલે અનંતજ્ઞાની શ્રી જિનેશ્વર દેવોએ કહેલી અહિંસા, જેમાં હિંસક, હિંસ્ય અને હિંસાના સર્વ ભેદોનું યથાર્થ નિરૂપણ કરેલું છે. જૈનશાસ્ત્રો કહે છે કે આ અપાર સંસારમાં જીવના પતન કે દુઃખનું કોઈ પણ બીજ હોય તો તે હિંસા જ છે. તે હિંસા બે પ્રકારની છે. એક દ્રવ્ય અને બીજી ભાવ. પ્રાણનાશ એ દ્રવ્ય હિંસા છે અને દુષ્ટ અધ્યવસાય એ ભાવ હિંસા છે.

૧ કેટલાકને દ્રવ્યભાવ ઉભય પ્રકારે હિંસા હોય છે, જેમકે અંગારમર્દક આચાર્ય.

૨ કેટલાકને માત્ર દ્રવ્યથી હિંસા હોય છે, જેમકે ઉપયોગપૂર્વક નદી ઊતરનાર કે વિહાર કરનાર અપ્રમત્ત મુનિ.

૩ કેટલાકને માત્ર ભાવથી હિંસા હોય છે, જેમકે તંદુલ મત્સ્ય.

૪ કેટલાકને દ્રવ્યભાવ ઉભયથી હિંસા હોતી નથી, જેમકે સિદ્ધના જીવો.

પ્રાણનો નાશ થવા માત્રથી હિંસા લાગે છે કે હિંસાજનિત પાપકર્મનો બંધ થાય છે, એવો એકાંત શ્રી જૈન શાસ્ત્રોને માન્ય નથી. રોગની સમ્યક્ પ્રકારે ચિકિત્સા કરતી વખતે રોગીનું મરણ થાય છે, તો પણ વૈદ્યને અશુભ કર્મનો બંધ થતો નથી. કર્મબંધ માટે દુષ્ટ અધ્યવસાયની અપેક્ષા છે. પ્રમાદજનિત દુષ્ટ અધ્યવસાયથી ઉત્પન્ન થયેલ કઠોર હૃદય પૂર્વક થતી પીડા એ જ કર્મબંધનું કારણ છે. તેવા દુષ્ટ અધ્યવસાયવાળો રજ્જુને પણ જો સર્પબુદ્ધિથી હણે અથવા ખોળના પીંડાને પણ જો બાળક માનીને અગ્નિમાં પકાવે અથવા પગમાં લાગેલ કાંટાને પણ જો અતિ પ્રદ્વેષ ભાવથી ચૂરે, તો તેને તીવ્ર, તીવ્રતર કે તીવ્રતમ કર્મબંધ થાય છે.

દુષ્ટ અધ્યવસાયો અનેક પ્રકારના હોય છે.

૧ જાણીબૂઝીને હિંસા કરવી.

૨ કામક્રોધાદિને આધીન થઈને પાપ કરવું.

૩ હાસ્ય કુતૂહલાદિકને વશવર્તી બનીને દોષ સેવવો તથા

૪ કુમતની વાસના કે દુરાગ્રહને વશ પડીને નિષિદ્ધાચરણ કરવું.

ઉપર્યુક્ત દુષ્ટ અધ્યવસાયો વડે હૃદય કઠોર બને છે અને કઠોર હૃદયવાળાને રૌદ્રધ્યાન અવશ્યંભાવી હોય છે; કઠોરના બદલે હૃદય સુકુમાલ હોય તો આર્ત્તધ્યાનનો પણ સંભવ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મરીચિ અને જમાલી વગેરેને બાહ્યથી હિંસા નહિ હોવા છતાં અંદરથી દુર્ધ્યાન હતું અને ભરતચક્રવર્તી અને પ્રસન્નચંદ્ર રાજર્ષિને દેખાવમાં હિંસા હોવા છતાં દુર્ધ્યાન ન હતું, એમાં હૃદયની કઠોરતા અને કોમળતા સિવાય બીજું શું કારણ હતું? દુષ્ટ અધ્યવસાયોથી હૃદય કઠોર બને છે અને કઠોર હૃદયથી થતી ક્રિયાઓમાં બાહ્ય હિંસા ન હોય તો પણ દુષ્ટ કર્મબંધ થાય જ છે.

દુષ્ટ અધ્યવસાય કહો કે દુર્ધ્યાન કહો, બે એક જ વસ્તુ છે. દુર્ધ્યાન મુખ્યત્વે બે પ્રકારનું છે. એક આર્ત્ત અને બીજું રૌદ્ર. જેમાં રાજ્ય ઉપભોગાદિ પૌદ્ગલિક સુખોની તૃષ્ણા હોય તે આર્ત્તધ્યાન છે અને જેમાં છેદન, ભેદન, તાડન, તર્જન આદિની ક્રિયા નિરનુકંપપણે કે નિર્દયપણે હોય, તે રૌદ્ર ધ્યાન છે. આર્ત્તથી તિર્યંચગતિ અને રૌદ્રથી નરકગતિ થાય છે. સંસારવૃક્ષના બીજભૂત જે હિંસા કહેલી છે, તે આર્ત્તરૌદ્ર અધ્યવસાયવાળી સમજવી.

દુર્ધ્યાનથી હૃદય કઠોર બને છે અને હૃદયની કઠોરતા બીજાની પીડામાં પરિણમે છે. તે પીડા મુખ્યત્વે ત્રણ પ્રકારની હોય છે. એક પ્રાણવિયોગરૂપ, બીજી પ્રાણવિયોગ વિનાની શારીરિક પીડાઓ રૂપ અને ત્રીજી પ્રાણવિયોગ અને શારીરિક પીડાઓ ઉત્પન્ન કરવાના ક્લિષ્ટ અધ્યવસાય રૂપ.

એ ત્રણે પ્રકારની હિંસા શ્રી જિનમતમાં જ ઘટી શકે છે, કારણ કે હિંસા કરનારો અને હિંસાને પામનારો જીવ નિત્યાનિત્ય અને શરીરથી ભિન્નાભિન્ન શ્રી જિનમતમાં જ કહેલો છે. તેથી હિંસાના ત્યાગ સ્વરૂપ અહિંસા ધર્મનું યથાર્થ જ્ઞાન અને પાલન વાસ્તવિક રીતે જૈનમતને માનનારમાં જ સંભવી શકે છે.

૧ આત્માને એકાંત નિત્ય માનવાથી હિંસક કે હિંસ્ય આત્માના સ્વરૂપમાં તિલતુષ-ત્રિભાગ માત્ર પણ પૂર્વસ્વરૂપથી ફેરફાર થઈ શકતો નથી.

૨ આત્માને એકાંત અનિત્ય માનવાથી આત્મા પોતાની મેળે જ નાશ પામી રહ્યો છે, ત્યાં બીજાથી હિંસા થવાનો અવકાશ જ ક્યાં છે?

૩ આત્માને શરીરથી એકાંત ભિન્ન માનવાથી દેહનાશમાં આત્મનાશ ઘટતો જ નથી, તો પછી હિંસા અને તેનું પાપ ક્યાં?

૪ આત્માને શરીરથી એકાંત અભિન્ન માનવામાં મરણ જ ઘટતું નથી, કારણ કે મરણ વખતે શરીર કાયમ રહે છે. પ્રાણવાયુ અને તૈજસ્ અગ્નિના અભાવે જો મરણ માનવામાં આવે તો મરણ બાદ પરલોક રહેતો નથી, કારણ કે શરીરના નાશની સાથે આત્માનો પણ નાશ જ થઈ જાય છે.

આત્માને (આત્મ) દ્રવ્યરૂપે નિત્ય અને (નર-નારકાદિ) પર્યાયરૂપે અનિત્ય તથા નિશ્ચય દૃષ્ટિએ શરીરથી ભિન્ન અને વ્યવહાર દૃષ્ટિએ શરીરથી અભિન્ન શ્રી જૈન શાસને જ માનેલો છે, તેથી શ્રી જિનમતમાં જ હિંસા કરનારો (મારનારો) તથા હિંસા પામનારો (મરનારો) જીવ અને તેની થતી હિંસાનું ફળ સાચી રીતે ઘટી શકે છે.

જે (વેદાન્તાદિ) મતમાં આત્મા કૂટસ્થનિત્ય જ માનેલો છે, અથવા (બૌદ્ધાદિ મતમાં) સર્વથા ક્ષણવિનાશી માનેલો છે તથા જે (સાંખ્યાદિ) મતમાં આત્મા શરીરથી સર્વથા ભિન્ન માનેલો છે, અથવા (ચાર્વાકાદિ મતમાં) સર્વથા અભિન્ન માનેલો છે, તે મતમાં હિંસા-અહિંસાનો વિચાર ઉત્પન્ન થતો જ નથી. પરમતના અનુકરણ છતાં જે છે તે પરમતના અનુકરણ સ્વરૂપ છે અથવા માગી આણેલાં આભૂષણ વડે કરેલી સજાવટરૂપ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને જે મતમાં મનુષ્ય સિવાયની સૃષ્ટિને જીવ સ્વરૂપ કે સુખદુઃખની લાગણી અનુભવવા સ્વરૂપ સ્વીકારેલ જ નથી (જેમકે 'Cow has no soul or Animal has no soul.' ગાયને આત્મા નથી અથવા પશુને આત્મા નથી) તે મતમાં તો હિંસા અહિંસાનો વિચાર માત્ર દેખાવ પૂરતો જ નહિ કિન્તુ સ્વાર્થ પૂરતો જ રહે છે, એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

હિંસાથી દુઃખ અને અહિંસાથી સુખ અથવા હિંસાથી પતન અને અહિંસાથી ઉદય એમ કહ્યા પછી જેઓને સાચા સુખની કે સાચા ઉદયની જ જરૂર હશે, તેઓને હિંસા, હિંસ્ય અને હિંસકનું શ્રી જિનોક્ત યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના ચાલશે જ નહિ. એને સમજવાથી જ દ્રવ્યહિંસા અને ભાવહિંસા, એકેન્દ્રિયથી પંચેન્દ્રિ અને પૃથિવીકાયથી ત્રસકાય પર્યંતના સ્થૂલ સૂક્ષ્મ (હિંસ્ય) જીવોનું સ્વરૂપ તથા હિંસકના ભિન્નભિન્ન જાતિના (દુષ્ટ અને શિષ્ટ) અધ્યવસાયોનું સ્વરૂપ સમજવામાં આવે છે અને એ સમજ્યા પછી જ હિંસાત્યાગ અને અહિંસાપાલન કરવાના સાચા અધ્યવસાયો ઉત્પન્ન થાય છે. અને એ સાચા અધ્યવસાયોથી થયેલો હિંસાનો ત્યાગ અને અહિંસાનો સ્વીકાર જ શુદ્ધ ધર્મ સ્વરૂપ બને છે. અને એવા શુદ્ધ અહિંસા ધર્મના સક્રિય પાલનથી જ જીવની અધોગતિ અટકી ઊર્ધ્વગતિ થઈ શકે છે.

લેખના પ્રારંભમાં ટાંકેલા શ્લોકમાં દર્શાવેલું અહિંસાનું ફળ અને તેના સાચા ઉપભોક્તા થવાનું સૌભાગ્ય તેઓને જ વરે છે કે જેઓ સાચી અહિંસાને જીવનમાં સક્રિયપણે પાળી રહ્યા છે, પળાવી રહ્યા છે અને પાળતાને અભિનંદી રહ્યા છે. તે સિવાયની અહિંસા કલ્પિત છે તેથી તેનું ફળ પણ કલ્પિત જ છે, એ વાત આપોઆપ ફલિત થાય છે.

# સર્વજ્ઞવાદ અને એનું સાહિત્ય

લેખક–પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.

કોઈ પણ વ્યક્તિને કદાપિ સંપૂર્ણ જ્ઞાન હોઈ શકે કે નહિ એ જૂના જમાનાથી તે આજ દિન સુધી અનેક વિદ્વાનોને હાથે ચર્ચાયેલો વિવાદગ્રસ્ત પ્રશ્ન છે. અન્ય શબ્દોમાં કહું તો મૂર્ત તેમજ અમૂર્ત એવી ત્રૈકાલિક વસ્તુઓનો–સ્થૂલ તેમજ સૂક્ષ્મ ભાવોનો પૂર્ણપણે એકી સાથે સાક્ષાત્કાર કોઈને પણ થાય કે નહિ એ સંબંધમાં ભારતીય દાર્શનિકોમાં અને તે પણ અધ્યાત્મવાદીઓમાં મતભેદ જોવાય છે. સર્વજ્ઞતાનું અસ્તિત્વ સ્વીકારવા ચાર્વાક દર્શનના અનુયાયીઓ કે અજ્ઞાનવાદીઓ ના પાડે એ તો સહેલાઈથી સમજાય અને સ્વીકારાય એવી બાબત છે, પણ જ્યારે આધ્યાત્મિક શક્તિને સ્વીકારનાર અને વૈદિક દર્શનના અનુયાયી તરીકે સુપ્રસિદ્ધ એવા પૂર્વમીમાંસકો પણ જ્યારે આધ્યાત્મિક શક્તિ દ્વારા ઉત્પન્ન થતા ભૂત, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણે કાળના ઇન્દ્રિયગમ્ય તેમજ અતીન્દ્રિય પદાર્થોનો પૂર્ણ સાક્ષાત્કાર કદાપિ કોઈને હોઈ જ ન શકે એમ કહે ત્યારે નવાઈ લાગે. પૂર્વમીમાંસકો આત્મા, પુનર્જન્મ, પરલોક ઇત્યાદિ અતીન્દ્રિય પદાર્થો માને છે. કોઈક પ્રકારનું અતીન્દ્રિય જ્ઞાન થાય એ વાત પણ એમને માન્ય છે, પરંતુ એઓ અપૌરુષેયવાદી હોવાથી વેદના અપૌરુષેયત્વને બાધક એવું અતીન્દ્રિય જ્ઞાન માનવા તૈયાર નથી. કેવળ આ માન્યતાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લઈને એઓ વેદનિરપેક્ષ સાક્ષાત્ ધર્મજ્ઞના કે સર્વજ્ઞના અસ્તિત્વનો વિરોધ કરે છે, પરંતુ વેદદ્વારા ધર્માધર્મ કે સર્વ પદાર્થ જાણનારનો એઓ નિષેધ કરતા નથી.

આ પ્રમાણે સર્વજ્ઞત્વની ના પાડનારા તરીકે ચાર્વાક, અજ્ઞાનવાદી અને પૂર્વમીમાંસકની ત્રિપુટી છે, જ્યારે એની હા પાડનારાં તો અનેક દર્શનો છેઃ જેમકે જૈન, બૌદ્ધ, વેદાન્ત, સાંખ્ય–યોગ અને ન્યાય–વૈશેષિક. બૌદ્ધોને સર્વજ્ઞતા ઇષ્ટ છે પરંતુ મોક્ષમાર્ગમાં એ નિરુપયોગી છે એમ એઓ માને છે. સાંખ્ય–યોગ સર્વજ્ઞતાને યોગજન્ય એક વિભૂતિ ગણે છે. એ વિભૂતિ દરેકને મળે જ તેમજ એ મળ્યા વિના મોક્ષ ન જ મળે એ વાત આ દર્શનને માન્ય નથી. વેદાન્ત સર્વજ્ઞતાને અંતઃકરણનિષ્ઠ માને છે. એ સર્વજ્ઞતા જીવન્મુક્ત દશા સુધી રહે છે, પરંતુ મુક્ત દશામાં એ હોતી નથી, કેમકે એ સમયે તો બ્રહ્મનું શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રગટે છે.

આ તો સર્વજ્ઞવાદની સામાન્ય રૂપરેખા થઈ. આ સંબંધમાં વિસ્તૃત ઊહાપોહ જે ગ્રન્થોમાં થયેલો છે તેની કામચલાઉ યાદી હું અહીં ભાષા અનુસાર રજૂ કરું છું:—

**પાઇય**

[1]જયધવલા ( ભાગ ૧, પૃષ્ઠ ૬૩–૬૬ ) : વીરસેન ( દિગંબર )
ધમ્મસંગહણિ ( ગાથા ૧૨૦૪–૧૩૨૪ ): હરિભદ્રસૂરિ ( યાકિની મહત્તરાના ધર્મસૂનુ)
વિસેસાવસ્સયભાસ ( ગા. ૧૫૭૭–૧૫૭૯ ) : જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ

**સંસ્કૃત**

જ્ઞાનબિન્દુ ( પૃ. ૧૯–૨૨૭ ) : ન્યાયાચાર્ય યશોવિજયગણિ
તત્ત્વસંગ્રહ ( કારિકા ૩૧૨૪–૩૨૪૬ ) : શાંતરક્ષિત ( બૌદ્ધ )
તત્ત્વસંગ્રહપંજિકા ( પ્રસ્તુત ભાગ ) : કમલશીલ ( બૌદ્ધ )
તત્ત્વાર્થશ્લોકવાર્તિક ( પૃ. ૨૫૧–૨૫૩ ) વિદ્યાનંદિ ( દિગંબર )
[2]તત્ત્વાવબોધવિધાયિની ( પૃ. ૪૩–૬૯ ) : તર્કપંચાનન અભયદેવસૂરિ
તર્કરહસ્યદીપિકા ( પત્ર ૫૦ અ–૫૩ આ ): ગુણરત્નસૂરિ
નન્દીવૃત્તિ ( પત્ર ૨૪ અ–૩૦ આ ) : મલયગિરિસૂરિ
નયચક્ર ( લિખિત પ્રતિ, પત્ર ૧૨૩ અ ) : મલ્લવાદી
ન્યાયકુસુમાંજલિ ( સ્તબક ૧, શ્લોક ૧૩–૧૫ ): ન્યાયતીર્થ ન્યાયવિજય
ન્યાયવિનિશ્ચય ( કારિકા ૪૦૬–૪૧૫ ) : અકલંક ( દિગંબર )
પ્રમાણમીમાંસા ( અધ્યાય ૧, આહ્નિક ૧, સૂત્ર ૧૬–૧૭ ): કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિ
મીમાંસા શ્લોકવાર્તિક) સૂ. ૨, શ્લો. ૧૧૦–૧૪૩ )[3] : કુમારિલ ભટ્ટ ( મીમાંસક )
યોગસૂત્ર ( પાદ ૧, સૂ. ૨૫ ) : પતંજલિ ( યોગ )
વિચારત્રયીની પ્રસ્તાવના ( પૃ. ૧૦૬ ) : લક્ષ્મણશાસ્ત્રી દ્રાવિડ
વ્યોમવતી ( પૃ. ૫૬૦ ) : વ્યોમશિવ ( વૈશેષિક )

---

૧ આ કસાયપાહુડ અને દોસપાહુડની ટીકા છે.
૨ આ સિદ્ધસેન દિવાકરે રચેલ સમ્મઇપયરણની સંસ્કૃત ટીકાનું નામ છે.
૩ ધર્મજ્ઞવાદ અને સર્વજ્ઞવાદ એ બે વાદોનું અહીં નિરાકરણ છે, જ્યારે તત્ત્વસંગ્રહ ( પૃ. ૮૪૬ અને પછીનાં )માં એ બંનેનું સમર્થન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વજ્ઞસિદ્ધિ : હરિભદ્રસૂરિ
સર્વજ્ઞસિદ્ધિકારિકા : કલ્યાણરક્ષિત ( બૌદ્ધ )
,, : રત્નકીર્તિ ( બૌદ્ધ )
સર્વજ્ઞસિદ્ધિ ટીકા : હરિભદ્રસૂરિ
સર્વજ્ઞસિદ્ધિ સંક્ષેપ : શંકરનંદન ( બૌદ્ધ )
સિદ્ધિવિનિશ્ચય : અકલંક ( દિગંબર )
સ્યાદ્વાદમંજરી ( અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકાના શ્લો. ૧૭ ની વૃત્તિ)[1]: મલ્લિષેણસૂરિ

ગુજરાતી

આર્હત દર્શન દીપિકા ( પૃ. ૨૪૩ ) : [2] લેખક
ચતુર્વિંશતિકાનું સ્પષ્ટીકરણ ( પૃ. ૧૫૮–૧૫૯ ) : ,, ,,
જૈન દર્શન ( પૃ. ૩૮, ૩૯; ત્રીજું સંસ્કરણ ) : ન્યાયતીર્થ ન્યાયવિજય
જૈન દર્શન યાને ષડ્દર્શનસમુચ્ચયાદિનો અનુવાદ ( પૃ. ૩૧–૪૪ ) : પંડિત બેચરદાસ
તત્ત્વખ્યાન ( ઉત્તરાર્ધ, પૃ. ૯૨–૯૭ ) : ન્યાયતીર્થ મંગળવિજય,
ન્યાયકુસુમાંજલિનો ગુજરાતી અનુવાદ ( પૃ. ૪૫–૫૦ ) : લેખક

હિન્દી

અકલંકગ્રન્થત્રયીની પ્રસ્તાવના ( પૃ. ૫૨–૫૬ ) : મહેન્દ્રકુમાર શાસ્ત્રી.
જયધવલાની પ્રસ્તાવના ( ૬૪–૬૭ ) : કૈલાસચન્દ્ર વગેરે.
જ્ઞાનબિન્દુ પરિચય (પૃ. ૪૨–૪૭ ) : પંડિત સુખલાલ
પ્રમાણમીમાંસા ભાષા ટિપ્પણ ( પૃ. ૨૭–૩૩ ) : ,,

ઇંગ્રેજી

તત્ત્વસંગ્રહનો અનુવાદ : ડૉ. ગંગાનાથ ઝા.
ન્યાયકુસુમાંજલિનો અનુવાદ ( પૃ. ૪૫–૪૯ ) : લેખક.

**ગોપીપુરા સુરત,** તા. ૨૦–૯–૪૪.

---

૧ શાસ્ત્રી **જગદીશચન્દ્ર** દ્વારા સંપાદન આવૃત્તિનું પૃ. ૨૩૭.
૨ હીરાલાલ. ર. કાપડીયા.

# पूजनेमें भी दया

लेखक—**पू. मु. म. श्री. विक्रमविजयजी महाराज.**

ता. ५–५–४२ के 'स्था. जैन' पत्रमें श्री. रतनलालजी डोसीने याज्ञिकी हिंसाको लेकर प्रभुकी पूजाको दुष्ट सिद्ध करनेका जो प्रयत्न किया है वह व्यर्थ ही है, क्योंकि याज्ञिकी हिंसा संसारकी लालसासे होती है। तुम्हारा उद्देश्य—यदि बडा अन्तर होने पर भी हिंसा मात्रसे प्रभूपूजाको दुष्ट सिद्ध करनेका हो तो पहिले तुम्हारे गुरुओंको और तुम्हारेको धर्मके लिए कुछ भी प्रवृत्ति नहीं करनी चाहिए; इसमें भी जीवोंका नाश होता है। जिस तरह वैदिक लोग धर्मके नाम पर पशुओंका वध करते हैं उस तरह धर्मके नाम पर ही तुम भी जीवोंकी हिंसा करते हो—जैसे उसमें मिथ्या श्रद्धान है वैसे इसमें भी तुम्हारा उद्देश्य बराबर

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



घटता है इस लिए जैसे वैदिकी हिंसाके दृष्टांतसे मूर्तिपूजामें हिंसा साबित करते हो उसी तरह तुम्हारी धार्मिक प्रवृत्तियोंमें भी हिंसा सिद्ध होती है। उदाहरण दोनोंमें समान है। तुम्हारी धार्मिक प्रवृत्तियोंमें मात्र एकेन्द्रिय जीवोंकी ही हिंसा नहीं है किन्तु त्रसकी भी है, क्योंकि तुम गुरुओंको वंदनादि के लिए रेलगाडी आदिमें जाते हो इससे कई त्रस पंचेन्द्रियोकी भी हिंसा होती है, इसका कभी ख्याल किया है ? और तुम्हारे साधु उन लोगोंके आनेमें खुश होते हैं इससे त्रस जीवोंके वधमें निमित्त होते हैं, नहि तो निषेध करना चाहिए। विहार आदिमें भी कितनें त्रसोंका वध होता है ? ऐसी अनेक बातें है जिन्हें परिचित लोग जानते हैं। पुष्पोंकी तो स्वरूप हिंसा है। साधुके पेर नीचे जीव दब जाय तो इस हिंसाको क्या वैदिकी हिंसा कहोगे ? क्योंकि तुम्हारे उद्देश्यसे मात्र हिंसा शब्द जहां लगे वह वैदिकी हिंसा है। हमारे यहां पुष्पोंसे प्रभुपूजा करनेकी विधि सूरिजीने दीखलाई है वैसी है। इसके लिए श्राद्धविधि आदि ग्रंथ देखलेना। पुष्पोंको तोडनेकी बातका भी इसी ग्रंथमें खुलासा मिल जायगा। यह सब ख्याल रखकर ही लिखा गया है कि भगवानके शिररूप कण्ठरूप अंगोंका आश्रय लेकर बिचारें पुष्प आरामसे बैठे हैं। इसकी दया भी किस अपेक्षासे होती है यह भी सूरिजीने साफ दिखा दिया है। इस ग्रंथका विचार पूर्वक अवलोकन करनेसे किस तरह पुष्पको उपयोगमें लिया जाता है वह सब मालुम हो जाता है। और मालीसे श्रावकों फुल खरीद कर उसकी दया करते हैं, जैसे कषाइयोंसे गाय आदिको छुडवाकर दया करते है, इस पर भोगीको फुल नही मिलेंगे—ऐसा आक्षेप करना अज्ञान है। कसाईसे गाय छुडवानेसे क्या उसको गाय नहीं मिलती ? इससे गायको छुडानेवालेकी दया नहीं कही जायगी ? चाहे वह अधिक गायको और प्राप्त करे या न करे गायको छुडवानेवालेको दया जरूर ही है। माली अधिक फुल लावे या न लावे सद्उपयोगके लिए श्रावकका फुल खरीदना भी दया ही है। मगर मालीके पास रहा हुवा पुष्प मृतक तुल्य है, इससे दया नहीं होती ऐसा कहना भी गलत है, क्योंकि पुष्प प्रत्येक शरीरी है अत एव सब्जिको साधु छुते नहीं हैं। यदि दया करना हो तो भोगीयोंको समझाकर उनसे फुलोंकी रक्षा करवाते इसीसें फुलोंकी रक्षा हो सकती थी यह आक्षेप भी बराबर नहीं, क्योंकि कषाईको समझाकर उनसे गायोंकी रक्षा करवाते, इसीसे उनकी रक्षा हो सकती थी फिर पैसा देकर क्यों छुडवाना ? तुम्हारे हिसाबसे तो वह दया ही नहीं है। यदि भक्तके रेलगाडी वगैरहसे गुरुके दर्शनार्थ जानेमें किसी प्रकारकी हिंसा नहीं और दीक्षाके समय नाना ग्रामोसे भावुक गण आनेमें कोई हिंसा नहीं, धर्म है, क्योंकि गुरु निषेध नहीं करते हें, आनेमें ही प्रसन्न होते है, तो गुरुओंको भी रेलगाडी वगेरेमें जाना चाहीए, क्योंकि इसमें कोई हिंसा नहीं फीर रेल आदिसे वंचित रहना उनकी बुद्धिमानी नहीं है। पाठक इस बातको अवश्य जान लेंगे कि किसी पडे हुए

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जीवको कसाई ले जाता हो और उसीको अगर कोई दयावान पुरुष उठाकर अव्याबाध रूपसे उत्कृष्ट स्थान पर रखता हो तो इन दोनोंमें किस पुरुषकी जीव पर दया हुई ? इस युक्ति पर ही सूरिजीका सारा लेख है। इसको न समझते हुए अज्ञान बनकर यद्वा तद्वा कहे इससे कोई न्याय नहीं होता है। वृक्षसे तोडनेकी बात शास्त्र या सूरिजो कहीं पर दर्शाते नहीं है। इस लिए सूरिजीके गुरु पत्र पुष्पका तोडना और पशुका मारना जो जीव अदत्त लिखते हैं. यह यथार्थ ही है; और सूरिजी भी ऐसा ही कहते हैं। "जो कि साधुके विहार खानपान आदि अत्यावश्यक क्रियाओंसे व्यर्थ और निरर्थक ऐसी मूर्तिपूजाकी बराबरी करना मात्र अज्ञानता है" ऐसा लिखना यह भी सफेद जूंठ है क्योंकि मूर्तिपूजाको अभी तक व्यर्थ और निरर्थक साबीत करनेमें असफल ही रहे हैं। अत्यावश्यक क्रिया होनेसे उसके अन्दर होनेवाली हिंसाको कौन दया कह सकता है? जिसमें हिंसा होती हो वह कार्य दयावान पुरुषके लिये सर्वथा त्याज्य ही है जब ऐसा तुम्हारा सिद्धान्त है तब फिर तुम अत्यावश्यक कहकर हिंसासे छुट नहीं सकते हो। इस लिए अत्यावश्यक होने पर भी हिंसा करे तो जिस पुरुषको मांसादि भक्षण किये बिना चल नहीं सकता, उसके लिए हिंसा अत्यावश्यक हो जानेसे क्या उसको अहिंसक या दयावान कह सकते हैं? जब नहीं तो अत्यावश्यक कहकर छुटकारा नहीं पा सकते हो। शास्त्रकी आज्ञा तो जैसे विहार आदिमें ऐसी प्रभुपूजामें भी समान है, तब अत्यावश्यक इत्यादि हेतु लगाना व्यर्थ है। शास्त्रका ही पुरावा देना चाहिए। महिमाके विषयमें तो केवल जूठा सहारा कहकर पल्ला छुडाया, मगर जूठ साबीत कर नहीं सके, इस लिए हमें इस पर विचार करनेकी आवश्यकता नहीं। समवसरणकी रचना विशेष कारणोंसे होती थी, हंमेशा नहीं, यह लिखते हो, ठीक है, परन्तु उसकी रचनामें हिंसा नहीं होती थी इसका तो कुछ भी समर्थन नहीं कीया। जो विशेष कारणोंसे होता है उसमें हिंसा नहीं होती है ऐसा कोई नियम नहीं है। जरूर 'जैनधर्म तीन करण तीन योगका होना मानता है' साधुओंके विषयमें तो सभी विषयको लेकर तीन करण तीन योग ही होता है ऐसा जैनधर्मका सिद्धान्त नहीं है; किसी विषयमें तीन करण होते है और किसीमें एक भी, ऐसा ही सिद्धान्त है। इस लिए तीन करण होना ही चाहिए, अन्यथा एक भी नहीं होना चाहिए, ऐसा नियम करना, जैन सिद्धान्तसे बाहर ही है। सूत्रोंके प्रमाणों और सूरिजोकी तथा हमारी युक्तियोंसे भी अकाट्य रूपसे मूर्तिपूजा सिद्ध हो चुकी है, जिसका खंडन कोई भी कर नहीं सकता, तब 'विना प्रमाण एवं युक्तिके मूर्तिपूजाको आवश्यक लिखना मतमोह है'।—ऐसा लिखना केवल अज्ञान मात्र ही है एवं च मूर्तिपूजा सप्रमाणिक है और स्मरणादिकी तरह आत्मविशुद्धिका हेतु होनेसे अवश्य उपादेय है, सार्थक है, प्रभु आज्ञा सहित है, लाभ बहुत है; हानि है नहीं।

(क्रमशः)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવી મદદ

૧૦૧) પૂ. મુ. મ. શ્રી. દર્શનવિજયજી આદિના સદુપદેશથી અમદાવાદની જૈન સોસાયટી જૈનસંઘના જ્ઞાનખાતામાંથી.

૫૧) પૂ. આ. મ. શ્રી, વિજયવલ્લભસૂરીશ્વરજીના સદુપદેશથી શ્રીવિજયવલ્લભઅભિનંદન સમિતિ, બિકાનેર.

૨૫) પૂ. પં. શ્રી. જસવિજયજીના સદુપદેશથી શ્રી જૈનસંઘ, અમલનેર

૨૧) પૂ. પં. શ્રી હેમસાગરજીના સદુપદેશથી શાંતાક્રુઝ તપગચ્છ જૈન સંઘ, શાંતાક્રુઝ (મુંબઇ)

૧૫) પૂ. આ. મ. શ્રી. વિજયજંબૂસૂરિજીના સદુપદેશથી જૈનશાળા જૈનસંઘ, રાધનપુર

૧૫) પૂ. આ. મ. શ્રી વિજયમોહનસૂરિજીના સદુપદેશથી વિજયદેવસૂરસંઘ, ડભોઇ

૧૫) પૂ. પં. શ્રી નવીનવિજયજીના સદુપદેશથી જૈનસંઘ, આગલોડ

૧૪।। પૂ. પં. શ્રી સુમતિવિજયજીના સદુપદેશથી જૈનસંઘ, મોરબી

૧૧) પૂ. મુ. મ. શ્રી દર્શનવિજયજીના સદુપદેશથી શેઠ લાલભાઈ હીરાચંદ, મુંબઇ, ( પાચ વર્ષ માટે )

૧૧) પૂ મુ. મ. શ્રી દર્શનવિજયજીના સદુપદેશથી શેઠ સોમાભાઈ હીરાચંદ, અમદાવાદ. ( પાંચ વર્ષ માટે )

૧૦) પૂ. મુ. મ. શ્રી. નરેન્દ્રસાગરજી (તપસ્વી)ના સદુપદેશથી જ્ઞાનખાતામાંથી. અમદાવાદ

૧૦) પૂ. પં. શ્રી. ચરણવિજયના સદુપદેશથી જૈનસંઘ, ભાભેર

૫) પૂ. પં. શ્રી મંગળવિજયજીના સદુપદેશથી જૈનસંઘ, ટીંબાચૂડી.

---

## પૂજ્ય મુનિવરોને

શેષકાળમાં માસિક ગેરવલ્લે ન જતાં વખતસર મળતું રહે તે માટે પોતાનાં વિહારસ્થળો યથાસમય જણાવતા રહેવાની સૌ પૂજ્ય મુનિવરોને અમે વિનતિ કરીએ છીએ.

---

**સૂચના:**—માસિક દર અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે, તેથી સરનામાના ફેરફારનાં ખબર બારમી તારીખ સુધીમાં અમને જણાવી દેવાં.

---

મુદ્રક:-મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬–ભક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશક:–ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દરેકે વસાવવા યોગ્ય

## શ્રી જૈન સત્ય પ્રકાશના ચાર વિશેષાંકો

### (૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

### (૨) શ્રી પર્યુષણ પર્વ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય એક રૂપિયો.

### (૩) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

### (૪) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના.

## કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, આઠમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

## ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઇએ દોરેલું સુંદર ચિત્ર. ૧૦"x૧૪"ની સાઇઝ, સોનેરી બોર્ડર. મૂલ્ય ચાર આના ( ટપાલ ખર્ચનો દોઢ આનો ).

—લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.

For Private And Personal Use Only